Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg N. B. 431.

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

स्रग्धरावृत्तम् ॥

आत्मानन्दं प्रयाति स्मरणकरणतः श्रीप्रभोर्यत्प्रकाशात्
पुण्यं ज्ञानं ददाति प्रतिदिनमथ यद्वाचनं सज्जनेभ्यः ।
यस्य स्तुत्यप्रयत्नः समुदयकरणे सत्यधर्मे रतानां
'आत्मानन्द प्रकाश' वहतु हृदि मुदं मासिकं तद्बुधानाम् ॥१॥

पु. १७. | वीर सं. २४४६ आषाढ. आत्म सं. २५ | अंक १२ मो

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ શ્રી પ્રભુ સ્તુતિ. ... ... | ૨૯૭ | ૬ મનની ગુપ્ત શક્તિઓ.... ... | ૩૦૩ |
| ૨ ન બોલવામાં ગુણ છે નવાણું.... | ૨૯૮ | ૭ દયાળુ ગ્રહસ્થોને એક ખાસ અપીલ. ... ... ... | ૩૧૦ |
| ૩ જુદે જુદે સ્થળે વસતા જૈનોને બે બોલ.... ... ... | ૨૯૯ | ૮ પંદરમી સદીમાં બોલાતી ગુજરાતી ભાષા. ... ... | ૩૧૨ |
| ૪ આપણા દીલમાં દયા ગુણ ખીલવવા શાસ્ત્રોક્ત સરલ–સુગમ ઉપાય... | ૩૦૧ | ૯ શ્રી આત્માનંદ પ્રકાશ માસીક ... અને તેની સાહિત્ય સેવાની... વિશાળતા... ... ... | ૩૨૮ |
| ૫ જૈન–જૈનેતર દયાળુ જનોને ભક્ષ્યાભક્ષ્ય સંબંધી સુચના. ... | ૩૦૨ | | |


વાર્ષિક મુલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સત્તરમા વર્ષની અપૂર્વ ભેટ.

# " શ્રી દેવભક્તિમાળા પ્રકરણ. "

શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને આ વર્ષે ઉપરોક્ત ભેટની બુક આપવા માટે મુકરર થયું છે, દર વર્ષ કરતાં આ વર્ષે ત્રણ ગણી મોટી એટલે સુમારે પચીશથી સતાવીશ ફોર્મનો મોટો ગ્રંથ કે જેના યોજક પ્રાતઃસ્મરણીય શ્રીમાન મૂળચંદજી મહારાજના શિષ્ય આચાર્ય શ્રીમદ્ કમળવિજયજી મહારાજના શિષ્ય પન્યાસજી શ્રીમદ્ દેવવિજયજી મહારાજ છે. તેઓ શ્રીએ આખો ગ્રંથ ઘણોજ શ્રમ લઇ ઉપકાર બુદ્ધિથી બનાવવાનો સ્તુત્ય પ્રયત્ન કર્યો છે. સદરહુ ગ્રંથમાં પાંચ પ્રકરણ આપવામાં આવ્યા છે. ૧ દેવભક્તિ અને પ્રતિમાસિદ્ધિ, ૨ આજ્ઞાભક્તિ, ૩ દેવદ્રવ્ય સંરક્ષણ ભક્તિ, ૪ મહોત્સવ રૂપ ભક્તિ, અને ૫ તીર્થયાત્રા ભક્તિ આ પાંચ પ્રકારની ભક્તિનું સ્વરૂપ સાદી અને સરલ ભાષામાં શાસ્ત્રીય અનેક આધારો સહીત ટુંકામાં આ ગ્રંથમાં આપવામાં આવેલ છે, કે જે અજ્ઞ જીવોને પ્રભુ ભક્તિ માટે ખાસ ઉપયોગી છે, ધર્મના કોઇ પણ વિષયોનું સ્ફુટ સ્વરૂપ આવી રીતે લખી પ્રસિદ્ધ કરવાથી આ કાળ માટે સમાજ માટે તે બહુજ આવશ્યક છે, આ દેવભક્તિમાળા ગ્રંથ પઠન પાઠન કરવા યોગ્ય છે કે જેથી તે પ્રભુભક્તિ માટે એક ઉત્તમ સાધન બને છે, એટલુંજ નહી પરંતુ શ્રદ્ધા સહિત અને જાણપણાથી બની તે દેવભક્તિ મોક્ષમાં જવાને માટે એક નાવ રૂપ છે.

**કાગળો વિગેરે, છાપવાના તમામ સાહિત્યની હદ ઉપરાંત મોંઘવારી છતાં દર વર્ષની જેમ આ વર્ષે પણ તેજ મુજબ નિયમિત ભેટની બુક આપવાનો ક્રમ માત્ર અમોએજ રાખ્યો છે.** તે અમારા સુજ્ઞ બંધુઓના ધ્યાન બહાર હશેજ નહિ. ઉંચા કાગળો ઉપર સુંદર ટાઇપથી છપાઇ સુશોભિત બાઇન્ડીંગ સાથે પ્રસિદ્ધ થશે.

દીન પ્રતિદીન આવી રીતે મોંઘવારી વધતી જતી હોવા છતાં અમારા સુજ્ઞ ગ્રાહકોને અત્યાર સુધી કાંઇપણ લવાજમ માસિકનું ન વધાર્યા છતાં ( જો કે દરેક માસિકોએ પોતાના લવાજમમાં વધારો કર્યો છે છતાં ) તેજ લવાજમથી આ માસિક અને દશ ફારમને બદલે વીશ પચીશકે તેથી વધારે ફારમની બુકો ભેટ આપવામાં આવી છે, અસાધારણ મોંઘવારીને લઇ માસિકનું લવાજમ વધારવા માટે પ્રથમ સુચના કરવામાં આવી હતી, પરંતુ હાલમાં સભાએ ઉદારતા દાખવી તેજ લવાજમ રાખવાનો ઠરાવ કરેલ છે જેને માટેની હકીકત આ માસિકમાં છેવટે આપેલ છે તે વાંચવા અમારા સુજ્ઞ ગ્રાહકોને વિનંતિ છે.

બાર માસ થયાં ગ્રાહકો થઇ તેમાં આવતા વિવિધ લેખોનો આસ્વાદ લેનારા માનવંતા ગ્રાહકો આ ભેટની બુકનો સ્વીકાર કરી લેશેજ એમ અમોને સંપૂર્ણ ભરૂસો છે, તથાપિ **અત્યાર-સુધી ગ્રાહકો રહ્યા છતાં ભેટની બુકનું વી. પી. જે ગ્રાહકોને પાછું વાળવું હોય અથવા છેવટે, બીજાં બ્હાનાં બતાવી વી. પી. ન સ્વીકારવું હોય તેઓએ મહેરબાની કરી હમણાંજ અમોને લખી જણાવવું; જેથી નાહક વી. પી. નો નકામો ખર્ચ સભાને કરવો ન પડે તેમજ પોસ્ટખાતાને નકામી મહેનતમાં ઉતરવું પડે નહિ, તેટલી સૂચના દરેક સુજ્ઞ ગ્રાહકો ધ્યાનમાં લેશે એવી વિનંતિ છે.**

**આવતા બીજા શ્રાવણ માસની પૂર્ણીમાના રોજથી આ માસિકના માનવંતા ગ્રાહકોને સદરહુ ગ્રંથ લવાજમના પૈસાનું વી. પી. કરી દર વરસ મુજબ વી. પી. કરવામાં આવશે, જેથી તે પાછું વાળી જ્ઞાનખાતાને નુકશાન નહિં કરતાં દરેક ગ્રાહકને સ્વીકારી લેવા વિનંતિ છે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक १७ ] वीर संवत् २४४१, आषाढ. आत्म संवत् २५. [ अंक १२ मो.

## श्री प्रभुस्तुति.

ઉપજાતિ.

વેગેથી વાંછિત બધાય પૂરે,
ધરે સદા શાંતિની જેહ છાયા;
ટાળે છ જે તાપ કષાય કેરા,
પિડા હરી લે સહુ ભ્રાંતિ કેરી.
આશ્રિતને પ્રેમ વડે જ રક્ષે,
સુખો ઘણાં જે નિશદિન બક્ષે;
સેવો સુખે તે જીન કલ્પવૃક્ષ,
અસાર સંસારની સાર વસ્તુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ન બોલવામાં ગુણ છે નવાણું.

( રચનાર—રા. રા. કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી. )

ઉપજાતિ.

વિવેકવાળાં વચનો ઉચ્ચારો, જો ઇચ્છતા હો યશનો વધારો;
વાણીથી આણો ન વિરોધ ટાણું, ન બોલવામાં ગુણ છે નવાણું. ૧
જેવાં વદાશે મુખથી જ બોલ, તેવો જ થાશે નિજ જાતિ તોલ;
ન નીચને શૃંગ શિરે અપાણું, ન બોલવામાં ગુણ છે નવાણું. ૨
ન પદ્મ હાથે કુળવાન પામ્યો, વાણી વિષે છે યશ સર્વ જામ્યો;
કુવાણીથી ક્રોધ વિરોધ જાણું, ન બોલવામાં ગુણ છે નવાણું. ૩
વાણી વળી ઇચ્છિત વસ્તુ આપે, દરિદ્રતાને ક્ષણમાં જ કાપે;
કુવાકયમાં દુ:ખ બધું સમાણું, ન બોલવામાં ગુણ છે નવાણું. ૪
ન શાંતિ જેવો તપ કોઇ મોટો, ગૃહો વિચારી ગણી દેહ ખોટો:
જમો ઘણું મિષ્ટ સુવાણી ભાણું, ન બોલવામાં ગુણ છે નવાણું. ૫
વિચારથી વાકય વદો હમેશ, જેથી ન થાયે કદિ કલેશ લેશ;
થુંકયું કદિ કો'થી નથી ગળાણું, ન બોલવામાં ગુણ છે નવાણું. ૬
કુવાકયથી પ્રાણી હરામ થાય, કુવાકયથી વ્હાલપ સર્વ જાય;
છે મૌનતા મૂર્ખ તણું ઘરાણું, ન બોલવામાં ગુણ છે નવાણું. ૭

# જૂદે જૂદે સ્થળે વસતા સહુ કચ્છી, કાઠીયાવાડી અને ગુજરાતી જૈનીઓને બે બોલ.

વ્હાલા બંધુઓ અને બહેનો! એક બાળક પાસેથી પણ હિત ગ્રહણ કરવુ જોઇએ. એ નીતિવચનનું પાલન કરવાથી બેશક આપણને કંઇ ને કંઇ લાભજ થવા સંભવ રહે છે. સર્વજ્ઞ વીતરાગ જેવા દેવ, સ્વપર હિત કરવા ઉજમાળ નિર્ગ્રંથ ગુરૂ અને આત્માનો ઉદ્ધાર કરવા સમર્થ અહિંસા સંયમ તથા તપ લક્ષણ ધર્મ ઉપર દ્રઢ આસ્થા—શ્રદ્ધા રાખનાર શ્રાવકોનો આચાર વિચાર કેવો સરસ—કલ્યાણકારી હોવો જોઇએ એ સંબંધી આલોચના જેમના અંતરમાં થઇ શકતી હોય તેમને આ અમારૂં કથન ઉપયોગી સમજાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧ કોઇ પણ પ્રકારના કુવ્યસનથી શ્રાવક માત્રે દૂર રહેવું-દૂર રહેવા પૂર્ણ કાળજી રાખવી.

૨ બાવીશ અભક્ષ્ય અને બત્રીશ અનંત કાયને યથાર્થ સમજી તજવા જરૂર ખપ કરવો.

૩ રાત્રિભોજનનો તો સદંતર ત્યાગ કરવો, લૌકિક શાસ્ત્રમાં પણ તેનું મોટું પાપ ગણ્યું છે.

૪ શરીરમાં રોગ પેદા થાય અને મન મલીન થાય એવા ભ્રષ્ટ ખાનપાનથી સદંતર દૂર રહેવું.

૫ શરીર નિરોગી રહે અને મન નિર્મળ થતું જાય તેવા પવિત્ર ખાનપાનનુંજ નિયમિત સેવન કરવું. દેખાદેખીથી પરદેશી ભ્રષ્ટ વસ્તુઓ ખાન પાનમાં વાપરવાનો પ્રચાર વધતો જાયછે તે જરૂર દૂર કરવો.

૬ પર હિત ચિન્તવન રૂપ મૈત્રી, પર દુઃખ ભંજન કરવા રૂપ કરૂણા, પર સુખ જાણી સંતોષ ધરવા રૂપ પ્રમોદ અને પર દોષની ઉપેક્ષા કરવા રૂપ માધ્યસ્થતા આદર્યા વગર સ્વશ્રેય થવાનું નથી.

૭ પાયા વગર ઇમારત ના હોય તેમ ઉપરોક્ત સદ્ ભાવના વગર ધર્મ-આચરણ સફળ હોઇ નજ શકે.

૮ આપણાં વ્હાલાં સંતાન-બાળકોની પણ ઉન્નતિની ખાતર આપણું વર્તન સુધારવાની જરૂર છે જ.

૯ ઉત્તમ લક્ષ રાખી યથા શક્તિ આપણી નિયત ફરજ બજાવવામાંજ આપણી સિદ્ધિ છે.

૧૦ ખરા કર્તવ્ય પ્રત્યે દુર્લક્ષ રાખી ઘાંચીના બળદની પેઠે વારંવાર ફેરાજ કરવાથી કલ્યાણ થઇ ન શકે.

૧૧ ચિન્તામણિ રત્ન સમાન શુદ્ધ દેવ ગુરૂ અને ધર્મને યથાર્થ ઓળખવા બહુજ મુશ્કેલ છે.

૧૨ પરમ કલ્યાણ કારી શુદ્ધ દેવ ગુરૂ અને ધર્મ પ્રત્યે પૂર્ણ આદર થવો તે તો અત્યંત દુર્લભ છે.

૧૩ તેથીજ આપણે તથા પ્રકારની યોગ્યતા કહો કે પાત્રતા પ્રાપ્ત કરવાની અને વધારવાની બહુજ અગત્ય છે.

૧૪ ન્યાય-નીતિ-પ્રમાણિકતાથી વ્યવસાય, સત્ય પાળે ટેક, વડીલ પ્રત્યે ઉચિત આદર-સન્માન, લઘુ કે દુઃખી પ્રત્યે દયા-અનુકંપા, અને કામ ક્રોધ લોભાદિક દુષ્ટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંતરંગ શત્રુઓ પ્રત્યે પૂર્ણ કટાક્ષ-તિરસ્કારાદિક માર્ગાનુ સારીપણાના ૩૫ બોલો-નો ઠીક અભ્યાસ કરવાથી સારી પાત્રતા મેળવી શકાય છે.

૧૫ પરંતુ તે તરફ તદ્દન દુર્લક્ષ રાખી કેવળ ધૃષ્ટતા(ધીટાઈ) આદરવાથી તો ઉલ્ટી હાનિ થવા પામે છે.

૧૬ આપણા મન વચનાદિક યોગ નિર્મળ થતા જાય તેવો પ્રયત્ન સદાય સેવન કરવો ઘટે છે.

૧૭ એવા પવિત્ર હેતુથીજ એકાન્ત હિતકારી સર્વજ્ઞ ભગવાને પવિત્ર ધર્મરત્નની પ્રાપ્તિ માટે પૂરી પાત્રતા--યોગ્યતા મેળવવા અક્ષુદ્રતા-ગંભીરતાદિક ઉત્તમ ૨૧ ગુણો આદરવા ઉપદેશ્યું છે,

૧૮ પરાયા દોષો-છિદ્રો નહીં તપાસતાં તેમના ઉજ્વળ ગુણ તરફ દ્રષ્ટિ રાખવી અતિ લાભકારક છે.

૧૯ આપણામાં જડ ઘાલીને બેઠેલા મિથ્યાત્વ, કષાય, અવિરતિ અને મન વચન કાયાની ચપળતાદિક દુષ્ટ દોષોને નિવારવા સર્વજ્ઞ ભગવાને સાક્ષાત્ ભાખેલા ઉત્તમ ઉપાયો કાળજીથી આદરવા ઘટે છે.

૨૦ શરીર નિરોગી હોય તોજ ધર્મ સાધન સારી રીતે કરી શકાય છે, તેથી શરીરનું આરોગ્ય ટકી રહે અને સામર્થ્યમાં વધારો થવા પામે એવા નિર્દોષ ઉપાયો કુશળ શાસ્ત્રકારોએ કહેલા યથાર્થ સમજીને જાતે આદરી તેનો સાક્ષાત્ અનુભવ મેળવી તેનો લાભ પોતાનાં બહોળા કુટુંબને આપવા કાળજી રાખવી.

૨૧ જેનાથી અનેક ચેપી રોગો અકસ્માત્ લાગુ પડેછે અને વંશ પરંપરાએ ઉતરી આવે છે એવું એક બીજાએ એઠું કરેલું (એક બીજાની લાળ મિશ્રિત થએલું) પાણી પીવાની ખોટી પ્રવૃત્તિ જરૂર સુધારી લેવાની સહુએ કાળજી રાખવી. શુદ્ધ (અબોટ) અને ગાળેલા જળ પાનથી શરીરની આરોગ્યતા સચવાશે. અશુદ્ધ (એઠા) થયેલા ભ્રષ્ટ જળ પાનથી શરીરમાં વિવિધ વિકાર થવા ઉપરાંત લોક નિંદા અને ધર્મની લઘુતા થવા પામે છે એમ સમજી શાણા ભાઈ બ્હેનોએ એ સંબંધમાં જરૂર વિવેક આદરવો. તેમજ પોતાના સંબંધીઓના ભલા માટે તેમને પણ તેના ગુણ દોષ સમજાવી હિત માર્ગ આદરવા પ્રેરણા કરવી.

લે૦ મુનિ મહારાજશ્રી કર્પૂરવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આપણા દીલમાં દયા ગુણ ખીલવવા શાસ્ત્રોક્ત સરલ–સુગમ ઉપાય.

સાધુ હોય કે ગૃહસ્થ હોય, પણ પાપ આચરણથી બચવા માટે ધર્મ–કર્મ (વ્યવહારિક કામ) કરતાં સુખના અર્થી દરેક જને હાલતાં, ચાલતાં, બેસતાં, ઉઠતાં, શયન–સંથારો કરતાં, સંભાષણ કરતાં તેમજ ભોજન પ્રમુખ ક્રિયા કરતાં જયણા–જીવદયા અવશ્ય પાળવી જોઇએ. સર્વ જીવને આત્મ સમાન (પોતાના પ્રાણ જેવા) લેખનાર સાધુજનોને એવા દરેક પ્રસંગે જયણા પાળવી સુલભ છે. મોહવિકળ એવા ગૃહસ્થ જનો અભ્યાસવડે ધારે તો તેવી જયણા થોડા ઘણા અંશે પાળી શકે છે, અને તેવો અભ્યાસ પાડવો જરૂરનો પણ છે. અભ્યાસથી શું થઇ શકતું નથી? અંતભર્યા અભ્યાસથી સર્વ કંઈ સિદ્ધ થાય છે. આપણી બેદરકારીથી કોઈના પ્રાણની હાનિ ન થાય તે માટે જરૂર લક્ષ રહેવું જોઇએ. બીજા જીવોનું હિત થાય એમ સાવધાનપણે હલન ચલન, શયન આસન, ભોજન ભાષણાદિક કરતાં સ્વહિત અવશ્ય સધાય છે. પણ સ્વાર્થાંધપણે તે પ્રત્યેક કામ કરતાં બેદરકારી રાખવાથી સ્વપર હિતને હાનિ જ થવા પામે છે. ગમે તેવા ક્ષુદ્ર (લઘુ) જંતુને પણ જીવિત તો અવશ્ય વ્હાલું લાગે છેજ. તેવા તેમના વ્હાલા–કિંમતી જીવિતનો અંત કરવાનો કોઇને હક્ક કેમ હોઇ શકે? તેમ છતાં જે કોઇ સ્વચ્છંદતાથી પરના પ્રાણનો અંત કરે–કરાવે છે તેને તેનાં કડવાં ફળ ભોગવ્યા વગર છુટકો થતો નથી. આપણે જે પુન્ય સામગ્રીનો યોગ પામ્યા છીએ તેને સાર્થક કરવા તેનો બને તેટલો સદુપયોગ જ કરવો જોઇએ. હિંસાદિક દુષ્કૃત્યોથી દૂર જ રહેવું જોઇએ. મન અને ઇન્દ્રિયોને કબજે રાખવાં જોઇએ. ક્રોધાદિક દુષ્ટ કષાયોને ક્ષમાદિક વડે વશ કરવા જોઇએ; તેમજ ઉદાર ભાવનાયુક્ત રહેણી–કરણીવડે મન વચન કાયા કહો કે વિચાર વાણી અને આચારની શુદ્ધિ અવશ્ય કરવી જોઇએ. એ રીતે સંયમ યા આત્મનિગ્રહ વડે જ **સ્વભાવ દયાની સિદ્ધિ થાય છે? સ્વદયા વગરની પરદયા શી રીતે થઇ શકે?** જેનામાં ક્ષમા–સમતાદિક નહિ હોય તે અન્યને ક્ષમા–માફી આપી અભય શી રીતે કરી શકશે? જેનામાં નમ્રતા–સભ્યતાદિક નહિ હોય તે અન્યને નમ્રતાદિક ગુણોકયાંથી શીખવી શકશે? જેનામાં સરલપણું તથા સંતોષાદિક નહિ હોય તેનું જીવિત અન્યને શી રીતે ઉપકારક બની શકશે? મતલબ કે જે આત્મનિગ્રહ કરી શકશે તેજ ખરી સ્વદયા સિદ્ધ કરી અન્ય અનેક જીવોનું પણ હિત સાધી શિવસંપદા પામી શકશે.

ઇતિશમ્.

લે૦ મુનિ મહારાજશ્રી કર્પૂરવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન તેમજ જૈનેતર દયાળુ જનોને ભક્ષ્યાભક્ષ્ય ખાનપાન સંબંધી થોડીક સૂચનાઓ.

૧ માંસ મદિરાને ધિક્કારનારાઓ પણ આજકાલ છુટથી વિદેશી દવાદિકનો ઉપયોગ કરતા દેખાય છે. તેમાં કેવી કેવી ભ્રષ્ટ વસ્તુઓ આવે છે તેનું જો પૃથક્કરણ કરવામાં આવે તો કોમળ હુદય ઉપર ભાગ્યે જ અસર થયા વગર રહે. દાખલા તરીકે વિદેશી દવામાં જેટલા પ્રવાહી પદાર્થ આવે છે તેટલા તેટલામાં પ્રાયઃ દારૂનો ભેગ તો સાથે હોય છેજ. તે સિવાય કોડલીવર ઓઇલ-એક જાતની માછલીના કલેજાનું તેલ વિગેરે. આવી ભ્રષ્ટ વસ્તુઓ વાપરવા કરતાં ધર્મને બાધ ન આવે એવી સ્વદેશી ચોખ્ખી વસ્તુઓનો જ દવામાં ઉપયોગ કરવો ઉચિત લેખાય. વળી વિદેશી વસ્તુઓ કરતાં સ્વદેશી વસ્તુ જ આપણા શરીરને વધારે માફકસર આવે એ દેખીતું છે. કદાચ વિદેશી વસ્તુના ઉપયોગથી ક્ષણભર રોગશાન્તિ દેખાય, પણ કઇક વખત તો તે નવું તૂત પણ ઉભું કરે છે અને વિવેકસર સ્વદેશી ચોખ્ખી વસ્તુના ઉપયોગથી તો રોગ નિર્મૂળ થવા પામે છે.

૨ ઘણાખરા રોગો તો રસલંપટતાથી પેદા થાય છે અને તે વળી કુપથ્યથી જ વધે છે. એવા વધતા જતા રોગનો અંત લાવવાની ઇચ્છાવાળાએ તેવી રસલંપટતા તથા કુપથ્ય સેવનથી જ દૂર રહેવું જોઇએ. આ મુદ્દાની વાત તરફ લોકો ઘણી જ બેદરકારી રાખી વખતોવખત અનેક પ્રકારના વ્યાધિઓના ભોગ થઈ પડે છે.

૩ એક બીજાએ એઠા કરેલા અન્ન પાણી ખાવા પીવાથી એક બીજાની મોઢાની લાળ એકબીજાનાં પેટમાં જવાથી એકબીજાના વ્યાધિઓનો ચેપ લાગે છે. તેથી પણ કઇક વખત અચાનક વ્યાધિઓ પેદા થાય છે અને ઉપર જણાવેલી માઠી રૂઢી તજવામાં ન આવે ત્યાંસુધી તેવા રોગની પરંપરા વધતી જ જાય. તેથી એ કુરૂઢી પણ અવશ્ય તજી દેવી જોઇએ.

૪ આરોગ્યને ઇચ્છનારે જેમ બને તેમ ઉન્માદક વસ્તુનું સેવન નહિ કરતાં પ્રકૃતિને અનુકૂળ આવે એવું સાદું અને સાત્વિક ખાનપાન કરવું જોઇએ.

૫ રાત્રિભોજનનો તો બનતાં સુધી સર્વદા અને સર્વથા ત્યાગ જ કરવો જોઇએ.

૬ સડી ( કોહાઇ ) ગયેલી, બગડી ગયેલી, વિરસ થયેલી વસ્તુ ખાવી પીવી નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ આર્દ્ર નક્ષત્ર બેઠા પછી કેરી, ફાગણ શુદ ૧૪ પછી ખજુર પ્રમુખ જીવાકુળ થતા ખાવા પીવાના પદાર્થ ખાવા પીવા નહિ. ચાતુર્માસમાં લીલી ફુગવાળા પાપડ તથા સુકવણી તથા મેવો વાપરવા નહિ. કાચાં કુમળાં ફળ ખાવાં નહિ. અણગળ પાણી પીવું નહિ.

૮ ચા, કૉફી, ભાંગ વિગેરે ઉત્તેજક પદાર્થ પીવા નહિ. બીડી, તમાકુ, ધતુરી, ગાંજો, હોકો વિગેરે પીવા નહિ.

૯ ભ્રષ્ટવાડો થાય એવા હોટલનાં ખાણાંપીણાંથી સદંતર દૂર રહેવું.

ઇતિશમ્.

લેઃ મુનિ મહારાજશ્રી કર્પૂરવિજયજી.

# મનની ગુપ્ત શક્તિઓ.

વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ, બી. એ

સંસારમાં સૌથી પ્રબલ શક્તિઓ એ છે કે જે ગુપ્ત અને અવ્યક્તરૂપે કામ કરે છે. અને તેમાં જેની શક્તિ જેટલી અધિક હોય છે તેટલી તે સન્માર્ગપર લગાડવાથી ઉપયોગી બને છે અને કુમાર્ગ પર લગાડવાથી હાનિકર બને છે. વિદ્યુત આદિ પદાર્થોના વિષયમાં તો આ વાત પ્રત્યક્ષ જણાય છે અને એ સહુ કોઈ જાણે છે, પરંતુ આજકાલ એવા લોકો ઘણા જ થોડા જોવામાં આવે છે જેઓ એ જ્ઞાનને મનના વિષયમાં લગાડી શકે છે. મનની અંદર જે વિચાર શક્તિઓ સૌથી અધિક પ્રબલ હોય છે તે નિરંતર ઉત્પન્ન થયા કરે છે અને સુખ અથવા દુઃખનું રૂપ ધારણ કરીને સર્વત્ર પહોંચ્યા કરે છે.

જ્યારે મનુષ્યો ઉન્નતિ કરતાં કરતાં એ અવસ્થાએ પહોંચી જાય છે ત્યારે તેઓ એ સર્વ શકિતઓ ઉપર અધિકાર પ્રાપ્ત કરી શકે છે. આ સ્થૂલ જગત્માં મનુષ્યે પોતાનાં મનને પુરેપુરી રીતે પોતાને વશ રાખવું અને સ્વાર્થનો પોતાનાં હૃદયમાંથી સર્વથા બહિષ્કાર કરવો જોઇએ. એમાં જ તેની ખરી બુદ્ધિમત્તા રહેલી છે. ધર્મશાસ્ત્રોની આજ્ઞા છે કે "પોતાના શત્રુઓને પણ પ્રેમભાવથી વશ કરો." આનો અર્થ એ છે કે જે માનસિક શક્તિઓ મનુષ્યને સ્વાર્થપરતા અને વિષયવાસના તરફ ઘસડી જાય છે અને જેનો તે દાસ બની ગયો હોય છે તે શકિતઓને તેણે પુરેપુરી રીતે પોતાને આધીન કરી લેવી અને તેના ઉપર પોતાનો પુરેપુરો અધિકાર જમાવી લેવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યાહુદી ભવિષ્યવેત્તાઓને ઈશ્વરીય નિયમોનું સંપૂર્ણ જ્ઞાન હતું. તેઓ હમેશાં બાહ્ય ઘટનાઓનો આંતરિક વિચારોની સાથે સબંધ બતાવ્યા કરતા હતા; તે એટલે સુધી કે સમાજની ઉન્નતિ અને અવનતિને તેઓ તે સમયના સામાજીક વિચારો અને ભાવોનાં પરિણામ રૂપે સમજાવતા હતા. વિચારોમાં જે પ્રબલ શકિત રહેલી છે તેનાં જ્ઞાન વડે જ તેઓ ભવિષ્યવાણી કરતા હતા. વાસ્તવિક રીતે એ જ્ઞાન સંપૂર્ણ શકિત અને બુદ્ધિમત્તાનું કારણ છે. સામાજીક ઘટનાઓ કેવળ સમાજની માનસિક અને આધ્યાત્મિક શકિતઓનાં પરિણામરૂપ છે. દુષ્કાળ, મહામારી અને સંગ્રામ માનસિક શકિતઓના દુરૂપયોગથી પેદા થાય છે અને નૈસર્ગિક નિયમાનુસાર વિનાશનાં કારણરૂપ બને છે. કોઇ એક વ્યક્તિ અથવા એક સમુદાયને યુદ્ધનાં કારણરૂપ માનવું એ મૂર્ખતા છે. એનું મુખ્ય કારણ પહેલા દરજ્જાની સામાજીક સ્વાર્થપરતા જ છે.

ધીમે ધીમે કાર્ય કરનારી અને સર્વની ઉપર અસર કરનારી એ વિચાર શકિતઓ છે કે જેમાંથી સઘળી બાબતો પ્રકટ થાય છે. આ અખિલ જગત્ વિચારમાંથી જ ઉત્પન્ન થયેલું છે. પુદ્દગલના વિષયપર સહજ વિચાર કરવામાં આવે તો બુદ્ધિગત થશે કે પુદ્દગલ માત્ર એક વિચાર છે જે સ્થૂલ રૂપમાં આવી ગયું છે, મનુષ્યનાં સર્વ કાર્યો પહેલાં વિચાર રૂપમાં હોય છે અને પછી સ્થૂલ રૂપમાં આવે છે. ગ્રંથકારો, ચિત્રકારો તથા શિલ્પકારો પહેલાં પોતાનાં કાર્યનું ચિત્ર પોતાનાં મનમાં રચે છે, અર્થાત્ તેઓ જે કાંઇ લખવા અથવા બનાવવા ઇચ્છતા હોય છે તેનો પોતાનાં મનમાં વિચાર કરી લે છે અને પછી તેને બાહ્યરૂપમાં લાવે છે. કહેવાની મતલબ એ છે કે કોઇ પણ કાર્યનો વિચાર પહેલાં મનમાં ઉદ્દભવે છે અને પછી તે કાર્યરૂપે પરિણમે છે.

જો માનસિક શકિતઓનો નૈસર્ગિક નિયમાનુસાર સદુપયોગ કરવામાં આવે છે તો તેનાથી ઉત્તમ અને પવિત્ર વિચારોની એવી મજબૂત ઇમારત બંધાય છે કે તેનો કદિ પણ વિનાશ થતો નથી; પરંતુ એનો દુરૂપયોગ કરવામાં આવે તો તેનાથી તે ઇમારત નબળી બની જઇ સ્વયં નષ્ટ થઇ જાય છે. જો તમે તમારા વિચારોને ઉત્કૃષ્ટ સૌજન્ય અને ઉચ્ચતા તરફ સંપૂર્ણ શ્રદ્ધાપૂર્વક લગાડશો તો તમે તે સૌજન્યની સહાયથી ગમે તેવાં કઠિન કાર્યો કરી શકશો. અને તમને પોતાને પ્રત્યેક બુરાઇ તથા તેના નાશનાં કારણનો અનુભવ થશે. પહેલાં સમ્યક્ શ્રદ્ધાની જરૂર છે. શ્રદ્ધા રાખવાથી તમારૂં જીવન આનંદથી વ્યતીત થશે. નિત્ય અને અવિનાશી ભલાઇના અનંત પ્રકાશમાં પ્રવેશ કરવાથી તથા તમારા પોતાનાં મનમાં તેનો સંપૂર્ણતઃ વિચાર અને અનુભવ કરવાથી તમે બુરાઇના અંધકારમાંથી બચી શકશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે કોઈ સ્થળે ભય, શંકા, ચિંતા, વ્યથા, દુઃખ, શોક, અને નિરાશા હોય છે ત્યાં અજ્ઞાનતા અને અશ્રદ્ધા હોય છે. આ માનસિક અવસ્થાઓનાં કારણરૂપ સ્વાર્થપરતા અને બુરાઇની શકિતમાં શ્રદ્ધા નાસ્તિકતાની સૂચક છે. જે મનુષ્ય આવી નીચ અને પતિત માનસિક અવસ્થાઓમાં પોતાનું જીવન વ્યતીત કરે છે અને તેને આધીન રહે છે તે વાસ્તવિક રીતે નાસ્તિક ગણાય છે.

આવી અવસ્થાઓથી પ્રત્યેક વ્યકિત અને સમષ્ટિએ અલગ રહેવું જોઇએ. જ્યાં સુધી મનુષ્ય તેને આધીન હોય છે અને તેનો દાસ બની રહે છે ત્યાં સુધી તેને કદાપિ મુક્તિની પ્રાપ્તિ થઇ શકતી નથી. ભય રાખવો અથવા ચિંતા કરવી એ કોઇને શાપ આપવા સમાન પાપ છે; કારણ કે જે મનુષ્યને હમેશાં ન્યાય, અનંત પ્રેમ, અને ભલાઇની સર્વ શકિત ઉપર દૃઢ વિશ્વાસ હોય છે તેને કદિ ભય લાગી શકતો નથી તેમજ તે કદિ ચિંતા કરી શકતો નથી. ભય રાખવો, ચિંતા કરવી અને શંકા કરવી એ નિસર્ગના નિયમથી વિરૂદ્ધ છે.

આ પ્રકારની માનસિક અવસ્થાઓથી સર્વ પ્રકારની નિર્બલતા અને નિષ્ફલતા જોવામાં આવે છે; કારણ કે તે અવસ્થાઓ વિચારની ઉત્તમ શકિતઓનું ઉન્મૂલન કરનારી છે. જો તે અવસ્થાઓ ન હોત તો તે શકિતઓ બલ પૂર્વક પોતાનાં અભીષ્ટની પ્રાપ્તિ કરી લેત અને તેનાથી ઉત્તમ અને ઉપયોગી પરિણામ નિષ્પન્ન થાત.

જે મનુષ્યો એ હાનિકર અવસ્થાઓ ઉપર વિજય પ્રાપ્ત કરી લે છે અર્થાત એને દૂર કરે છે તેઓ ઉચ્ચતર જીવનમાં પ્રવેશ કરે છે અને દાસત્વનાં બંધનમાંથી નીકળીને સ્વામિત્વપદ પ્રાપ્ત કરે છે. હવે પ્રશ્ન એ છે કે એ અવસ્થાઓ ઉપર વિજય પ્રાપ્ત કરવાનો શો ઉપાય છે ? તેનો ઉપાય માત્ર એકજ છે અને તે એ છે કે મનુષ્યે દૃઢતા પૂર્વક પોતાનાં આંતરિક અર્થાત્ માનસિક જ્ઞાનની ઉન્નતિ કરવા પ્રયત્નશીલ રહેવું. માત્ર મનમાંથી બુરાઇનો બહિષ્કાર કરવો તે પુરતું નથી. પરંતુ હમેશાં તેનું મૂળકારણ સમજવાનો અને તેને તજવાનો અભ્યાસ કરવો જોઈએ. એવીજ રીતે મનમાં ભલાઇનો કેવળ સ્વીકાર કરવો તે પુરતું નથી, પરંતુ નિરંતર તેને સમજવાનો અને પ્રવૃત્તિમાં લગાડવાનો ઉદ્યોગ કરવો જોઇએ.

જે મનુષ્ય પોતાની જાતને વશ કરવાનું જાણી શકે છે તેને પોતાની ગુપ્ત માનસિક શકિતઓનું શીઘ્ર જ્ઞાન થઇ જાય છે અને ધીમે ધીમે તેનાથી તેને સન્માર્ગપર લગાડવાની શક્તિની પણ સંપ્રાપ્તિ થઇ જાય છે. તમે તમારી પોતાની ઉપર જેટલો અધિકાર મેળવશો અને તમારી માનસિક શકિતઓને વશ બની જવાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બદલે તેને તમારે વશ કરશો તેટલો અધિકાર તમે બાહ્ય વસ્તુઓ અને ઘટનાઓ ઉપર મેળવી શકશો અને તેને તમે સમજવા લાગશો.

મને કોઇ એવો મનુષ્ય બતાવો કે જેના સ્પર્શથી પ્રત્યેક વસ્તુ શીર્ણ વિશીર્ણ બની જાય છે અને જે હાથમાં આવેલી સફલતાને પણ નથી રાખી શકતો. તે ઉપરથી હું તમને સિદ્ધ કરી આપીશ કે તે મનુષ્ય હમેશાં મનની નીચ અને પતિત અવસ્થાઓમાં પોતાનું જીવન વ્યતીત કરે છે. હમેશાં સંદેહરૂપી કીચડમાં પડયા રહેવું, નિરંતર ભયભીત રહેવું, તેમજ રાત્રિ દિવસ ચિંતાગ્રસ્ત દશામાં રહેવું એ દાસત્વનું જીવન વ્યતીત કરવા બરાબર છે. એવો મનુષ્ય શ્રદ્ધાહીન હોય છે, તેના ભાવ અને વિચારો તેને વશ નથી હોતા, એ કારણુથી તે પોતાનાં કાર્યનો બરાબર પ્રબન્ધ નથી કરી શકતો અને તે ઘટનાઓનો દાસ બની રહેલો હોય છે. વાસ્તવિક રીતે પોતે જ પોતાનો દાસ બની રહેલો હોય છે. આ પ્રકારના મનુષ્યને વિપત્તિ શિખામણુ આપે છે અને તેઓ અંતે કંઇક અનુભવ મેળવ્યા પછી બલ પ્રાપ્ત કરે છે.

શ્રદ્ધા અને સંકલ્પ જીવનની મુખ્ય પ્રેરક શકિતઓ છે. સંસારમાં કોઈ પણુ કાર્ય એવું નથી કે જે અડગ વિશ્વાસ અને દઢ સંકલ્પનાં બળથી સાધ્ય થઇ શકતું નથી. હમેશાં વિશ્વાસનાં બળથી માનસિક શકિતઓ એકત્ર બની જાય છે અને સંકલ્પની દૃઢતાને લઇને તે શકિતઓ કાર્ય સિદ્ધ કરવા તરફ વળે છે.

સંસારમાં તમે ગમે તે સ્થિતિમાં હો તો પણુ જ્યાં સુધી તમે શાંતિ અને સંતોષ ધારણુ કરીને તમારી પોતાની માનસિક શકિતઓને એક દિશા તરફ આકર્ષિત કરતા ન શીખો ત્યાં સુધી તમે કોઇ પણુ અંશે શકિત, લાભ અને સફલતા મેળવવાની આશા રાખો તે વ્યર્થ છે. સંભવિત છે કે તમે વ્યવસાયી હોવાથી તમારે કદાચ અચાનક વિપતિ અથવા મુશ્કેલીઓની સામે થવું પડે. એવી દશામાં તમે ભયભીત બની જાઓ છો અને ચિંતા કરવા લાગો છો કે મારે શું કરવું ? સ્મરણુમાં રાખો કે એવી માનસિક અવસ્થા વિનાશકારક છે, કારણુ કે જ્યારે ચિંતાગ્રસ્ત સ્થિતિ હોય છે ત્યારે વિચાર કરવાની અને સમજવાની શકિતનો હ્રાસ થઈ જાય છે. પ્રાત: કાળમાં ઉઠીને અથવા સાયંકાળે કાર્યમાંથી નિવૃત્ત થયા પછી જો તમે કોઇ નિર્જન સ્થાનમાં ચાલ્યા જાઓ અથવા તમારા ઘરમાંજ કોઈ એકાંત સ્થળમાં ચાલ્યા જાઓ કે જ્યાં કોઈ પણુ વસ્તુ બાધક ન થઇ શકે અને નિરાંતે બેસીને તમારા મનમાંથી જબરદસ્તીથી ચિંતાને કાઢીને તમારા મનને જીવનની કોઇ બીજી ઉતમ અને સુખદાયક વસ્તુ તરફ વાળવા યત્ન કરશો તો તમારા મનમાં ધીમે ધીમે શાંતિ આવવા લાગશે અને તમારી ચિંતા ચાલી જશે એ નિશ્ચય સમજજો. કોઇ પણુ વખતે તમે તમારા મનને ભય અને ચિંતાગ્રસ્ત અવસ્થામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવતું જુઓ કે તરતજ તેને ત્યાંથી પાછું હઠાવી સંતોષ અને શાંતિ તરફ લઇ જવા યત્ન કરો. જ્યારે તમારા હૃદયમાં શાંતિદેવીનું સંપૂર્ણ સામ્રાજ્ય સ્થપાશે ત્યારે તમે નિર્ભય બની તમારાં મનને તમારી કઠિનતાઓ દૂર કરવાનાં કાર્યમાં રોકી શકશો. જે બાબત ભય અને ચિંતા ગ્રસ્ત અવસ્થામાં તમને કઠિન અને અજેય લાગતી તે હવે તમને તદ્દન સરલ અને સ્પષ્ટ જણાશે અને હવે તમને નિર્દોષ સન્મતિ અને સંપૂર્ણ વિચારશક્તિની સાહાય્યથી સ્પષ્ટતઃ પ્રતીત થશે કે કઠિનતાઓને દૂર કરવાનો કેટલો સરલ ઉપાય છે અને કેટલી સ્હેલાઇથી ઇચ્છિત ફલની પ્રાપ્તિ થઈ શકે છે. સંભવિત છે કે કદાચ તમારે તમારાં મનને વશ કરવા માટે અને તમારાં હૃદયમાં શાંતિ ઉત્પન્ન કરવા માટે દિવસોના દિવસો સુધી અવિચ્છિન્ન ઉદ્યોગ કરવો પડે; પરંતુ જો તમે દ્રઢતાપૂર્વક તમારાં કાર્યમાં નિરંતર લાગ્યા રહેશો તો તમને જરૂર સફલતા મળશે. શાંતિમય સ્થિતિમાં તમને જે માર્ગ દૃષ્ટિગત થયો હોય તેમાંજ તમારે પ્રવૃત્તિશીલ રહેવું જોઇએ. જ્યારે તમે ફરી વખત તમારાં દૈનિક કાર્ય વ્યવહારમાં જોડાઓ અને તમને ચિંતા સતાવે તો તે વખતે તમારે એવો વિચાર કરવો કે આ માર્ગ સારો નથી, તેથી તદનુસાર પ્રવૃત્તિ કરવી એ મૂર્ખતા છે; મારે ભય અને ચિંતાના વિચારોને મારાં મનમાં બિલ્કુલ સ્થાન આપવું જોઇએ નહિ. જે બાબત તમને શાંતિમય સ્થિતિમાં સુઝી હોય તે અનુસાર કાર્ય કરો, ભય અને ચિંતાના વિચારો તરફ જરા પણ ન જાઓ. શાંતિને સમયે સર્વ બાબતો સ્પષ્ટતઃ સમજાય છે અને તે સમયે વિચારશક્તિ પણ નિર્દોષ હોય છે. એ પ્રકારે મનને સાધવાથી જે ભિન્ન ભિન્ન વિચારશક્તિઓ અત્રતત્ર ભટકયા કરતી હોય છે તે સર્વ એકત્ર બનીને વિચારણીય વિષય તરફ વળી શકે છે અને અનેક કઠિનતાઓને દૂર કરી શકે છે.

સંસારમાં એવું એક પણ કાર્ય નથી કે જે એકાગ્ર ચિત્ત બનીને શાંતિથી કરવાથી સિદ્ધ થઈ શકતું નથી, અને એવી એક પણ વસ્તુ નથી કે જે આત્મિક શક્તિઓનો સાવધાનતા અને બુદ્ધિમત્તાથી ઉપયોગ કરવાથી પ્રાપ્ત થઇ શકતી નથી.

જ્યાં સુધી મનુષ્ય પોતાની આંતરિક અવસ્થાનો ધ્યાનપૂર્વક વિચાર કરતો નથી અને પોતાના આંતર શત્રુઓ અર્થાત્ ક્રોધાદિ કષાયો અને વાસનાઓનો પરાજય કરતો નથી ત્યાં સુધી તેને વિચારશક્તિની પ્રબલતાનું બરાબર અનુમાન થઈ શકતું નથી, તેમજ બાહ્ય અને સ્થૂલ પદાર્થોની સાથે મનનો કેવો અવિનાભાવી સંબંધ છે અને જીવનની ભિન્ન ભિન્ન અવસ્થાઓ સમજવામાં અને તેનું પરિવર્તન કરવામાં વિચારમાં કેવી અને કેટલી પ્રબલ શક્તિ રહેલી છે તેનું પણ તેને યથાર્થ જ્ઞાન થઈ શકતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે પ્રત્યેક વિચાર તમારાં મનની અંદર ઉત્પન્ન થાય છે તે એક તીર સમાન છે, તેમાં જેટલી શક્તિ હશે તે અનુસાર તે અન્ય મનુષ્યોનાં હૃદયમાં પેસીને અસર કરશે, અને ત્યાંથી પાછું ફરીને તમારા ઉપર તેની સારી અથવા ખરાબ અસર ઉપજાવશે. એક મનનો બીજા મનની સાથે પરસ્પર સંબંધ થાય છે અને વિચાર શાકતઓ એક બીજામાં આવજા કરે છે. સ્વાર્થ અને અશાંતિ ને ઉત્પન્ન કરનાર વિચારો નીચ અને નાશક શક્તિઓ છે. તે દુષ્ટતાના દૂત સમાન છે. તેને બીજા મનુષ્યોનાં મનમાં દુષ્ટતાના વિચારો ઉત્પન્ન કરવા માટે પ્રેરવામાં આવે છે, પરંતુ તેઓનું મન એ દુષ્ટતાના દૂતો અર્થાત્ દુષ્ટતાના વિચારોને વધારે પ્રબલ બનાવી તમારી તરફ પ્રેરે છે. આથી ઉલ્ટું, પવિત્રતા, નિઃસ્વાર્થતા અને શાંતિના વિચારો દેવદૂત સમાન છે, જેઓ આ પૃથ્વી ઉપર સુખ, શાંતિ અને ઐશ્વર્ય ફેલાવે છે અને દુષ્ટ તેમજ હાનિકર શક્તિઓને રોકે છે, શોક અને સંતાપને દૂર કરીને હર્ષ તથા આનંદ ઉત્પન્ન કરે છે અને જે મનુષ્ય નિરાશાના ખાડામાં પડેલો હોય છે તેને મુક્તિની આશા આપે છે.

તમારાં મનમાં ઉત્તમ વિચારોને જ સ્થાન આપો. તે વિચારો સત્વર તમારાં બાહ્ય જીવનમાં ઉત્તમ અવસ્થાઓનાં રૂપમાં પ્રકટ થશે. તમારી આત્મિક શક્તિઓને તમારે વશ રાખો. એમ કરવાથી તમે તમારા બાહ્ય જીવનને જેવું ઇચ્છશો તેવું બનાવી શકશો. મુમુક્ષુ અને પાપી મનુષ્યમાં એટલોજ ભેદ છે કે પાપી મનુષ્ય પોતાની ઇંદ્રિયોને આધીન હોય છે, અને મુમુક્ષુ મનુષ્યની ઇંદ્રિયો તેને પોતાને આધીન હોય છે.

મનુષ્યે પોતાની ઇંદ્રિયોને પોતાને વશ રાખવી જોઇએ અને પોતાના આત્માને પવિત્ર બનાવવો જોઇએ. એ સિવાય વાસ્તવિક શક્તિ અને ચિરસ્થાયી સુખની પ્રાપ્તિનો બીજો કોઇ માર્ગ નથી. જે મનુષ્ય પોતાની ઇંદ્રિયોને આધીન બની ગયો હોય છે તે નિરંતર નિર્બલ અને દુઃખી રહે છે અને સંસારને તેનાથી કશો લાભ થઇ શકતો નથી. જો તમારે સંસારમાં સુખ અને ઐશ્વર્ય સંપાદન કરવાની ઇચ્છા હોય તો તમારે રાગ, દ્વેષ, કામ, ક્રોધ, લોભ, મોહ, રતિ, અરતિ આદિ માનસિક કષાયો અને વાસનાઓને જેમ બને તેમ અંકુશમાં રાખવા યત્ન કરવો જોઇએ. તમે તમારી માનસિક અવસ્થાઓને જેટલા આધીન રહેશો તેટલા તમે આ જીવનમાં બીજાના આશ્રયે રહેશો અને બાહ્ય સહાયતાની ઇચ્છા કરશો. જો તમે શાંતિ અને દૃઢતા પૂર્વક જીવન વ્યતીત કરવા ઇચ્છતા હો અને પ્રત્યેક કાર્ય સંપૂર્ણતાથી કરવા ઇચ્છતા હો તો તમારે માટે અત્યંત આવશ્યક છે કે તમારે તમારા મનની બાધાકારક અને પરિવર્તનશીલ અવસ્થાઓને વશ કરતાં શીખવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમારે હમેશાં એકાંતમાં બેસીને તમારા ચિત્તને એકાગ્ર કરવાનો અભ્યાસ કરવો જોઇએ. આનું નામજ ધ્યાન છે. ધ્યાન કરવાથી ચિંતા દૂર થાય છે અને મનમાં સંપૂર્ણ શાંતિ ઉત્પન્ન થાય છે; નિરાશા તથા નિર્બલતાના વિચારો બહાર નીકળી જાય છે અને મનમાં આશા તથા શકિતનો સંચાર થાય છે. જયાં સુધી તમને એમ કરવામાં સફલતા નથી મળતી ત્યાં સુધી તમે તમારા જીવનકાર્યો અને ઉદ્દેશોમાં તમારી માનસિક શકિતઓથી સફલતાપૂર્વક કામ લેવાની આશા રાખો તે નિરર્થક છે. આ એક એવો ઉપાય છે કે જે વડે મનુષ્ય પોતાની અત્રતત્ર ભટકતી ભિન્ન ભિન્ન શકિતઓને એક નિશ્ચિત માર્ગ ઉપર લાવી શકે છે અને જે ધારે તે કરવા સમર્થ બને છે. જેવી રીતે કોઇ ખાડા ખડીયા વાળી જમીનમાં ભરાઈ રહેલાં પાણીને એક માર્ગમાં વાળવાથી એક ફલદ્રુપ અને લીલુંછમ ખેતર અથવા ફલફુલવાળો સુંદર બગીચો બનાવી શકાય છે તેવીજ રીતે જે મનુષ્ય શાંતિ પ્રાપ્ત કરે છે અને પોતાના આંતરિક વિચારોને પોતાને વશ કરીને તેને સન્માર્ગ તરફ વાળે છે તે પોતાનાં હૃદય અને જીવનને ઉંચા પ્રકારનું બનાવી શકે છે અને છેવટે મુકિત મેળવી શકે છે.

તમારી પોતાની ભાવનાઓ, ઇચ્છાઓ અને વિચારોને તમે તમારે વશ કરવામાં જેટલી સફલતા મેળવશો તેટલી નવીન અને અવ્યકત શકિત તમારી અંદર પ્રકટ થતી તમે અનુભવશો અને તમને શાંતિ અને બળની પ્રાપ્તિ થશે. તમારી આંતરિક અવ્યકત શકિતઓ સ્વયમેવ પ્રકટ થવા લાગશે. પહેલાં તમારા ઉદ્યોગમાં તમે નિષ્ફલ થતા હતા, પરંતુ હવે તમે શાંત ચિત્તથી કાર્ય કરવા લાગશો એટલે તમને સફલતા અવશ્ય પ્રાપ્ત થશે. એ નવીન શકિત અને શાંતિની સાથે તમારી અંદર એક પ્રકારનો પ્રકાશ ઉત્પન્ન થશે જેને આત્મજ્ઞાન કહેવામાં આવે છે. એ પ્રકાશ ઉત્પન્ન થવાથી તમારાં હૃદયમાંથી અજ્ઞાન રૂપી અંધકારનો વિલય થશે; અને તમને પ્રત્યેક વસ્તુનું સ્પષ્ટ રૂપે ભાન થવા લાગશે. આત્મજ્ઞાનની સાથે તમારી બુદ્ધિ અને વિચાર શકિતમાં વિલક્ષણ વૃદ્ધિ થશે અને તમારી અંદર એક એવી શકિત ઉત્પન્ન થશે કે જે દ્વારા તમે ભાવી ઘટનાઓ પહેલેથી જાણી શકશો અને તમારા શ્રમ અને ઉદ્યોગના ફલનું પણ પહેલેથી અનુમાન કરી શકશો. જેટલું પરિવર્તન તમારી આંતરિક અવસ્થામાં થશે તેટલુંજ તમારા બાહ્ય કાર્યોમાં પણ થશે. એવી રીતે બીજા લોકો તરફ તમારી માનસિક અવસ્થામાં જેટલું પરિવર્તન થશે તેટલુંજ તમારી તરફ તેઓની માનસિક અવસ્થામાં પણ થશે. તમે વિચારોની નીચ, પતિત, નિર્બલ અને નાશક શકિતઓ ઉપર વિજય પ્રાપ્ત કરશો એટલે ઉચ્ચ, પવિત્ર અને પ્રબલ વિચારોથી ઉત્પન્ન થતી શકિતપ્રદ અને ઉન્નતિશીલ લહરીઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમારી અંદર પ્રકટ થશે. તમારા હર્ષની કોઈ સીમા રહેશે નહિ. અને જે બલ, શકિત તથા આનંદ ઇંદ્રિય નિગ્રહ અને આત્મ વિજયથી ઉત્પન્ન થાય છે તેનો તમે અનુભવ કરવા લાગશો. એ બલ, શકિત અને આનંદ સૂર્યના પ્રકાશની માફક નિરંતર બીજા લોકો ઉપર પોતાનો પ્રભાવ રેડયા કરશે. તમે તે જાણી પણ શકશો નહિ. તમે દૃઢચિત્ત મનુષ્યોથી આવૃત રહેશો અને તમારો પ્રભાવ દિનપ્રતિદિન વધતો જશે, તમારા વિચારોમાં જેટલું પરિવર્તન થશે તેટલું જ તમારાં બાહ્ય જીવનમાં પણ થશે, એ નિઃસંદેહ વાત છે.

જે મનુષ્ય પોતાની જાતને ઉપયોગી અને બળવાન બનાવવા ઈચ્છે છે અને પ્રસન્ન ચિત્ત રહેવા ઇચ્છા રાખે છે તેને માટે જરૂરનું છે કે તેણે મલીન, અધમ અને પતિત વિચારોને પોતાનાં મનમાં આવવા દેવા જોઈએ નહિ. જેવી રીતે પોતાના સેવકો ઉપર શાસન કરવું જોઇએ અને પોતાના મિત્રો તથા અતિથિઓને સન્માન આપવું જોઇએ તેવી રીતે એ પણ જરૂરનું છે કે તેણે પોતાની ઇચ્છાઓને પોતાને વશ કરવી અને નિશ્ચયપૂર્વક કહેવું જોઈએ કે હું અમુક વિચારોને જ મારા મનમાં પ્રવેશ કરવા દઇશ. જે મનુષ્ય પોતાની ઈંદ્રિયોને વશ કરવામાં તેમજ પોતાની ઇચ્છાઓનો નિરોધ કરવામાં જરાપણ સફલતા મેળવે છે તેની શકિત ઘણી જ વધી જાય છે; અને જે મનુષ્ય સ્વાર્થપરતા અને ઈંદ્રિયલોલુપતાને નિર્મૂળ કરી દે છે અર્થાત્ જેની ઇંદ્રિયો જેને વશ થઇ જાય છે અને જે પોતાના વિચારો ઉપર સંપૂર્ણ અધિકાર પ્રાપ્ત કરી લે છે તેનાં અંતરંગમાં અપૂર્વ શાંતિ અને શકિતનો પ્રાદુર્ભાવ થાય છે અને તેને સ્વપ્નમાં પણ ખ્યાલ ન હોય એવો તેની બુદ્ધિનો વિકાસ થાય છે. પછી તેને અનુભવ સિદ્ધ થવા લાગે છે કે સંસારની જેટલી શકિતઓ છે તે સર્વ પોતાનાં રક્ષણ અને સહાય માટે તૈયાર છે. જેની ઈંદ્રિયો પોતાને આધીન છે તે પોતાના આત્માનો સર્વાધિકારસંપન્ન સ્વામી છે એ નિર્વિવાદ છે.

## દયાળુ ગૃહસ્થોને એક ખાસ અપીલ.

કચ્છ વાગડ વિભાગના દક્ષિણ છેડે શિકારપુર નામનું ગામ આવેલ છે. સામે મચ્છુ નદીના કાંઠે માળીઆ ગામ છે. વચ્ચે ત્રણ ગાઉનું રણ છે. તે રણના પશ્ચિમ ભાગે આશરે બે માઇલ પર દરીયાનું ખારૂં પાણી આવે છે તે તરવું પડે એટલું ઊંડું હોયછે. વર્ષા રૂતુમાં રણમાં પાણી ભરાયછે તે વખતે બનાસ અને મચ્છુ નદી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓનાં પાણી પણ તેમાં પ્રવેશ કરેછે. તે વખતે રણમાં પાણી પુષ્કળ ભરાયછે. તેનો અને ઉપર જણાવેલ ખારા પાણીનો સંગમ થવાથી તેમાં કુદરતી રીતે અગણિત સોનૈયા જાતિની માછલીઓ ઉત્પન્ન થાય છે ( તેનો રંગ પીળો હોય છે ) તે કદમાં ટીડના જેવડી હોય છે. આ માછલીઓને શિકારપુર, શુરબારી, રામડા-પારીયા, અને ખારી રોડના ખારવા, મીયાણા અને મુસલમાન લોકો હંમેશાં જીવતી પકડી લાખો ટીનના ડબામાં ઉકળતા પાણીમાં ચૂલા પર ઉકાળે છે. બાદ તેની પાંખો વગેરે કાઢી નાંખતાં પરિણામે તે મ્હોટા શીંગદાણા જેવડી રહેછે. તેને તે લોકો વેચેછે. આ રીતે ત્યાં દરરોજ અબજો જીવોનો સંહાર થાય છે. આ હકીકત જાણી કયા જૈન કે જૈનેતરનું હૃદય કંપાયમાન નહિ થાય ?

આના ઉપાયો નીચે મુજબ સુચવી શકાય.

૧ પ્રતિભાશાળી ઉપદેશકોદ્વારા કચ્છ અને વાગડાના અહિંસા પ્રતિપાલક લોકોની લાગણી સતેજ કરી તે બાબત મજબૂત પોકાર ઉઠાવવા તેમને પ્રેરિત કરવા

૨ સ્ટેટના ઑફીસરોનું આ બાબત તરફ લાગવગ પહોંચાડી આગ્રહ પૂર્વક ધ્યાન ખેંચવું.

૩ કચ્છના નામદાર રાવમહારાજને સંભાવિત ગૃહસ્થોનાં બનેલાં ડેપ્યુ-ટેશનોએ અરજી કરવી.

૪ જીવદયા જ્ઞાન પ્રસારક મંડળે અને જીવ દયા માસિકે આને માટે ખાસ ચળવળ કરવી તથા અવિશ્રાંત પ્રયત્ન સેવવો.

૫ કચ્છના શેઠ વસનજી ત્રીકમજી, શેઠ ખેતસી ખીઅસી, શેઠ વેલજી પસાયા, શાહ નરસી તેજસી, શેઠ કેસવજી ઘેલા, શાહ ઠાકરસી ઘેલા અને શેઠ મુળજી ધારસી તથા વાગડના ગઢેચા મેરાજ દીપચંદ. સંઘવી મકનજી કૂલચંદ, કોઠારી સુરજી કરમશી, કુબડીઆ હીરાચંદ મેરાજ, દેશાઈ ચતુર ડામર અને પારેખ રામ-જીભાઈ વકીલ વિગેરે પ્રતિષ્ઠિત ગ્રહસ્થોએ આ માટે પોતાથી બનતું કરવું.

આ અતિ ઉત્તમ કાર્યમાં ભાગ લેનાર કેટલું ઉગ્ર પુણ્ય ઉપાર્જન કરશે તેને સ્પષ્ટ કરવાની જરૂર નથી.

દયાળુ ગૃહસ્થો આ અપીલ ઉપર લક્ષ્ય આપશે?

દુર્લભદાસ કાળીદાસ શાહ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પંદરમી સદીમાં બોલાતી ગુજરાતી ભાષા.*

લે. મુનિરાજશ્રી કલ્યાણવિજયજી.

ભાષા એ મનુષ્ય જીવનનું સર્વોપયોગી સાધન છે, એ સાધન વિનાનું કોઈ પણ જીવન પોતાનું અસ્તિત્વ ધરાવી શકેજ નહિ. એ વાત નિર્વિવાદ છે. આ ઉપરથી ભાષા વસ્તુ કેટલી કિંમતી છે અને તેની ઉન્નતિ કરવાની કેટલી જરૂર છે તેનો આપણને કાંઇક ખ્યાલ આવવો જોઈએ.

મને જાણીને આનંદ થાય છે કે ગુર્જરભૂમિનાં નરરત્નો આજ કેટલાક સમયથી પોતાની માતૃ તુલ્ય માતૃભાષા ગુજરાતીની ઉન્નતિને માટે સારી મહેનત કરી રહ્યા છે, અને તેમના શુભ પ્રયાસનું ફલ આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ કે આજે ઘણી સારી સંખ્યામાં એ ભાષાના ગ્રન્થો બહાર આવવા પામ્યા છે.

એટલું છતાં પણ એક વાત મ્હારે સખેદ જણાવવી પડે છે કે આ ભાષા જેટલી પ્રાચીન મનાય છે તેટલા પ્રમાણમાં એનું પ્રાચીન સાહિત્ય બિલકુલ બહાર આવવા પામ્યું નથી. આનું કારણ તેવા સાહિત્યનો અભાવ નહિ, પણ તેની શોધ ખોળની ખામી હોવી જોઈએ એમ મ્હારૂં માનવું છે.

ગુજરાતી ઉત્પત્તિથી માંડીને લગભગ ૩૦૦–૪૦૦ વર્ષ સુધીની તેની સ્થિતિની આજે યથાર્થ રેખા દોરવી તે અશકય છે. સાધનાભાવથી તેનું નિર્દોષ અનુમાન થવું પણ કઠિન છે, તેથી જે સમયનું પુષ્કળ ગુજરાતી સાહિત્ય અસ્તિત્વ ધરાવે છે, જે સમયમાં ગુર્જર ભાષા આજના કરતાં લગભગ બમણા વિસ્તારમાં વ્યાપક હતી તેજ સમયની તેની સ્થિતિનું વર્ણન કરવું અત્ર ઇષ્ટ છે. તે સમય વિક્રમની પંદરમી સદી છે,

**કવિની ભાષા તે સમયમાં બોલાતી ભાષાનું યથાર્થ સ્વરૂપ જણાવી શકે નહિ.**

આજકાલ ઘણા વિદ્વાનોની એવી માન્યતા જોવામાં આવે છે કે કોઇ પણ ભાષાનું પ્રાચીન સ્વરૂપ જાણવા માટે તે વખતના કવિઓના લખાણ પર વિશેષ આધાર રખાય છે. પણ મ્હારી માન્યતા એવી છે કે કોઈ પણ કવિના લખાણને આધારે તે વખતની બોલાતી ભાષાનું યથાર્થ સ્વરૂપ જાણવું અશકય છે. કહેવાનો આશય એવો નથી કે કવિની ભાષા તે સમયની ભાષા જાણવાનું સાધનજ નથી. અલબત, કવિ પોતાના સમયની ભાષાનો પોષક છે, ભાષાપર સામાન્ય વર્ગ કરતાં તેનું પ્રભુત્વ વિશેષ છે.

* छठी गुजराती साहित्य परिषद्‌ने माटे लखायेलो अने पास थयेलो निबंध

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાષાને મધુર તથા લોકપ્રિય બનાવવાના કાર્યમાં તે અગ્રભાગ ભજવે છે. અને ગ્રન્થબદ્ધ કરી તેને ભવિષ્યની પ્રજાને માટે સાચવી પણ રાખે છે, તથાપિ તેની ભાષાથી તેના વખતની સાર્વજનિક વ્યવહારોપયોગી ભાષાનું તાદૃશ સ્વરૂપ જાણવું કઠિન થઇ પડે છે. આપણે જાણીએ છીએ કે કવિ પોતાની ભાષાને મધુર અને શુદ્ધ બનાવવામાં સદોધુક્ત રહે છે અને તેથી તે ચાલતે કે ન ચાલતે પણ અપ્રસિદ્ધ શબ્દોનો ઘણે ભાગે તેમાં ઉપયોગ કરે છે અને તેથી તેની ભાષા સાધારણ વ્યવહારિક ભાષાની આગે એક જુદાજ સ્વરૂપમાં ભાસે છે. આવી ભાષાથી કાળાન્તરમાં પૂર્વ ભાષાનું ભાન થઇ શકે, પણ તેનું યથાર્થ સ્વરૂપ જોઇ શકાય નહિ. સદ્ગત સાક્ષર શ્રી ગોવર્ધનરામ કૃત સ્નેહ મુદ્રા અને રા. રા. કેશવલાલ ધ્રુવના ગીતગોવીંદને આધારે ભવિષ્યના શોધકો વીસમી સદીની વ્યવહારિક ગુજરાતી ભાષાની સ્થિતિ જાણવા માંગશે તો આપણે જાણીએ છીએ કે તે કૃતકાર્ય થઇ શકશે નહિ.

**પંદરમી સદીની ખરી કવિતા કયાં છે ?**

આપણે કબુલ કરીશું કે કદાચ નરસીંહ મ્હેતા કે મીરાંબાઇ વિગેરેની કવિતા કે જેનો રચનાકાળ વિક્રમની પંદરમી સદી મનાય છે તે ઉપર જણાવેલ કવિતાના જેવી વ્યવહારોત્તીર્ણ ભાષામાં નહિં રચાઇ હોય, તો પણ તેમના નામની સાથે આજ કાલ ગવાતી કવિતા પંદરમી સદીની કયાં છે ? નરસિંહ મ્હેતાની પ્રચલિત કવિતા જોઇને ઘણા વિદ્વાનોનો એવો મત બંધાઇ ગયો છે કે હાલની ગુજરાતી ભાષા જેવી શુદ્ધ ભાષામાં લખાયેલી ગુજરાતી કવિતા તો પ્રથમ નરસિંહ મ્હેતાની છે. આ સ્થળે મ્હારે સ્પષ્ટ કહી દેવું જોઇએ કે પવિત્ર ભક્ત નરસિંહ મ્હેતાના સંબંધમાં મ્હારી લેશ માત્ર પણ વિરૂદ્ધ ભાવના નથી. ભક્તરાજે પોતાની ભક્તિના ઉભરાઓ કવિતાદ્વારા બહાર કહાડ્યા છે, તે વાત નિ સંદેહ છે. મ્હેતાના નામની જેટલી કવિતા આજે ઉપલબ્ધ થઇ છે તેટલી બીજા પંદરમી સદીના કોઇ કવિની નથી થઇ એ વાત પણ ખરી, પરંતુ હાલની ગુજરાતી ભાષા જેવી ભાષામાં નરસિંહમ્હેતાની કવિતા મૂળ રૂપમાં નથી એમ હું માનું છું. વ્યાકરણ કે કોઇ પણ નિયમોને નહિ ગણુતી લોક રૂચિને વશ થએલી ભાષામાં સમય સમયમાં કેટલું પરિવર્તન થાય છે તે વાતને ધ્યાનમાં લઇને મ્હારા મિત્રો વિચાર કરશે તો તેઓ પોતેજ કહેશે કે પંદરમી સદીની કવિતામાં અને આજે ગવાતી મ્હેતાની કવિતામાં આસ્માન જમીન જેટલો ફરક હોવો જોઇએ. મ્હેતાની કવિતામાં જ આવો ફેરફાર થયો છે એમ મ્હારૂં કહેવું નથી, પંદરમી તો શું પણ અઢારમી સદીની પણ જે કવિતા લોકપ્રિય થઇને લોકોના મુખમાં વાસ કરવા પામી છે અથવા તો પ્રાચીન ભાષાની કિમ્મત નહિં સમજનારા શોધકોના હાથે ચઢી છે તેની પણ .તેવીજ દશા થઇ છે. અને જો તેના રચનાકાળમાં લખાયેલાં પુસ્તકો આજે આપણી દૃષ્ટિ આગળ ન હોત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો તેને પણ મ્હેતાની કવિતાની જેમ હાલની શુદ્ધ ગુજરાતી ભાષામાં લખાયેલી માનવાની આપણે ભૂલ કરત, પણ હવે તેમ બનશે નહિ. કારણ કે ઘણી ખરી ગુજરાતી કવિતાનાં જૂનાં પુસ્તકો હજી વિદ્યમાન છે, લોકોમાં ગવાતી અને છપાઈ ગએલી ઘણી ખરી પ્રસિદ્ધ કવિતાઓમાં કેટલો કેટલો ફેરફાર થયો છે તે આપણે તે પુસ્તકો દ્વારા સારી રી જાણી શકીયે છીએ. મ્હેતાની કવિતાને પંદરમી સદીની હાલની ભાષા જેવી ગુજરાતી ભાષામાં લખાયેલી માનનારા મ્હારા મિત્રો પંદરમી કે સોળમી સદીમાં લખાયેલ જૂનાં પુસ્તકોમાંની મ્હેતાની કવિતાની સાથે હાલમાં ગવાતી કવિતાનો મુકાબલો કરશે તો મ્હને આશા છે કે તેઓ પોતાની માન્યતાને ભૂલ ભરેલી જોયા વિના રહેશે નહિ.

હવે હું ગુજરાતી કવિતામાં કેવી રીતના ફેરફારો થયા છે તેના કેટલાક ઉદાહરણો અત્ર બતાવવા ઇચ્છું છું. નીચે આપેલી મૂળ સ્વરૂપમાં રહેલી કવિતા અને ફેરફાર વાળી કવિતાનો મુકાબલો કરીને સાક્ષર વર્ગ બન્નેનું તારતમ્ય જોશે એમ આશા છે.

**જુની ગુજરાતી કવિતામાં ફેરફાર થયાના પ્રત્યક્ષ ઉદાહરણો.**

લગભગ ૧૬ મી સદીમાં થઇ ગએલ કવિ દેવપાલના રોહિણેય રાસની મૂલ રૂપમાં રહેલી કવિતા—

बाहर टंकु ग्रहिपडियु, टंक साली श्रागलि बालि ।
लोह खरानुं बेटडु, तीणइ श्रेणीसुत अभयड कलियु ॥ १ ॥
मदि प्रमादि न वाहीयु, न मोहियु पररमणि ।
चंद्रं घरणी चतुर्थी, तेह नाम तस घरणि ॥ २ ॥
तात आदेसि कुवाटि चालतां कांटडु एक पा (भा) गु ।
कांटइ कांटा आठ काढया मोकलु थियु पागु ॥ ३ ॥
देपाल भणइ ते प्रीछियो आघ कहंता आघु ।
चोपट मल्ल ते चोर वीरवचानि थियु साधु ॥ ४ ॥

—સોળમી સદીના ઉતારામાં લખાયેલ એક પ્રાચીન ચોપડાના પત્ર ૩૩ પરથી ઉધૃત.

એજ કવિની સ્નાત્ર પૂજાની વિકૃત થએલી કવિતા—

नवमे मासे आठमे दिवसे जायो जिनवर रायोजी ।
घर गुडी तरियां तोरण लहेके जिनमंदिर उल्लायोजी ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ततखिण छप्पन कुमरी आवे वधावे जिणंदोजी ।
दुस्तर कालमांहि ए जिनवर प्रगट्यो पूनमचंदोजी ॥
उलाली वज्रसुर एम बोले आसन कंपे इंदोजी ।
तिहां जोइ अवधिनाणें तेणी वेला अवतरिया जिणंदोजी ॥
तेणे थानके जनम महोत्सव करवा आवे चोसठ इंदोजी ।
मेरु शिखर पर रत्नसिंहासन बेग पास जिणंदोजी ॥

—વિવિધ પૂજા સંગ્રહ પૃષ્ઠ ૪૦૯.

કવિ દેવપાલની ઉપરની બન્ને કવિતાઓના નમુના જોવાથી તેમની કૃતિમાં કેટલો બધો ફેરફાર થયો છે તે સહેજે જણાઇ આવે છે. સત્તરમી સદીના ગુર્જર કવિ ઋષભદાસની કવિતામાં વિકૃતિ.

| સંવત ૧૮૫૯ ની સાલમાં લખેલી હિતશિક્ષાના રાસની પ્રત— | સંવત ૧૯૩૮ ની સાલમાં છપાયેલ હિતશિક્ષાના રાસની ચોપડી— |
|---|---|
| शुद्ध श्रावकना लक्षण एह | शुद्ध श्रावकनां लक्षण एह |
| किम दिन करणी करतो तेह । | किम दिन करणि कहिये तेह |
| केही परि जागें पछिमराति | किणि परें जागे पश्चिमराति |
| सुणयो पुरुष तजी परतांति ॥ | सुणजो पुरुष तजी पर तांत ॥ |
| श्री श्रावकनी विधिमां लह्यु | श्री श्रावकनी विधिमां लह्युं |
| रत्नशेखर सूरिइं कह्यु । | रत्नशेखर सूरीसर कह्युं । |
| निशासमें किरियादिक जेह | निशासमय कार्यादिक जेह |
| मंद स्वरें ज गाईइ तेह ॥ | मधुर स्वरें ज जगाडे तेह ॥ |
| पणि गाढें नर बोलें नही | पण गाढें नर बोले नहिं |
| खुंखारो पणि वारयो तही । | खोंखारो पण वरज्यो सहि । |
| हुंकारो नि शब्द अत्यंत | हुकारो ने शब्द अत्यंत |
| ते न करे नर उत्तम जंत ॥ | ते न करे जे उत्तम अंत ॥ |

ઉપરની એકજ કવિતામાં માત્ર ૮૨ વર્ષના આંતરામાં જ કેટલો બધો ફેરફાર થવા પામ્યો છે તે ધ્યાન પૂર્વક વિચારવા યોગ્ય છે.

૧૭ મી અને ૧૮ મી સદીને વચગાળે થએલ ઉપાધ્યાય યશોવિજયજીની કવિતાની વિકૃતિનું દિગ્દર્શન—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| સંવત ૧૭૩૯ ની સાલમાં શ્રી યશોવિજયજી રચિત અને સ્વહસ્તલિખિત જંમ્બુ સ્વામી રાસની જુની પ્રત— | શ્રી યશોવિજયજી રચિત સં૦ ૧૯૪૪ માં છપાયેલ— જંમ્બુ સ્વામિ રાસની ચોપડી |
|---|---|
| समख सरसनुं हु उंरे मंडाण | समवसरणनो हुओरे मंडाण |
| माणिक हेमरजत सुप्रमाण । | माणिकहेमरजत सुप्रमाण । |
| सिंहासनि बइठा जिनवीर | सिंहासन बेठा जिनवीर |
| दीइं देशना अरथ गंभीर ।। | दीओ देशना अर्थ गंभीर ।। |
| विद्युन मालीसुर तिहां आवइ | विद्युन्माली सुर तिहां आवे |
| जिन वांदी आनंद बहु पावइ ! | जिन वंदी आनंद बहु पावे । |
| चरम केवली कुण प्रभु थासाइ | चरम केवली कुण प्रभु थारो |
| श्रेणिक पूछइं मनउल्लासइं ।। | श्रेणिक पूछे मन उल्लासे ।। |
| प्रभु कहइ सुणि श्रेणिक नृपचंद | प्रभु कहे सुण श्रेणिक नृपचंद |
| ब्रह्मलोक सामानिक इंद । | ब्रह्मलोक सामानिक इंद । |
| चउदेवी युत विद्युनमाली | चउदेवी युत विद्युनमाली |
| सात मइं दिनि ए चवा शुभशाली ।। | सातमे दिने ए चवी शुभशाली ।। |
| ऋषभदत सुत तुझपुर ठामइं | ऋषभदत सुत तुझपुर ठामे |
| चरम केवली जंबू नामइं । | चरम केवली जंबू नामे । |
| होस्यइ ते सुणि देव अनाढी | होस्ये ते सुणी देव अनाढी |
| हरषइ परखइ निज कुलआढी ।। | हरखे परखीं निज कुलआढी ।। |

જૂના પુસ્તકની અને નવા પુસ્તકની ઉપાધ્યાયજીની કવિતામાં કેટલો બધો ફેરફાર થયો છે તે આપણે ઉપર આપેલા નમુનાથી સારી રીતે સમજી શકીએ છીએ. એતો માત્ર બે ત્રણ ઉદાહરણો આપ્યાં છે. બાકી તમામ કવિઓની કવિતામાં આવીજ જાતનો ફેરફાર થયેલો છે એમ મ્હારી દઢ માન્યતા છે અને આ વાતમાં જેઓને સંદેહ હોય તેઓને મ્હારી એટલીજ વિનંતિ છે કે જૂનાં અને નવાં પુસ્તકોના કવિતાને સરખાવવાની તેઓએ તસ્દી લેવી. મ્હને નરસિંહ મહેતાની કવિતાનું જૂનું લિખિત પુસ્તક ઉપલબ્ધ ન થવાથી તેમની અસલી કવિતાનો મુકાબલો આજની તેમની વિકૃત કવિતાની સાથે કરી શકયો નથી તે માટે દિલગીર છું.

ઉપર ટાંકેલા દાખલાઓ જોવાથી એ વાત ખુલ્લી રીતે જણાઈ આવશે કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નરસિંહમ્હેતા તેમજ મીરાંબાઇ વિગેરે જુના ગુજરાતી કવિઓની જે કવિતા આજ કાલ લોકોમાં પ્રચલિત છે તે રચનાકાળના પોતાના સાહજીક રૂપમાં રહેવા પામી નથી. અનેક દેશના અનેક ભાવિક લોકોના મુખમાં વાસ કરી અનેક ભક્તોનાં મંજીર નાદની સાથે ટકરાઇ અનેક લેખક અને શોધકોની લેખિનીના અગ્રભાગથી નવનવા સંસ્કાર પામીને તે વર્તમાન રૂપ ધારણ કરી શકી છે. એ વાત ભૂલી જવા જેવી નથી.

આ બધું જોતાં મ્હારે કહેવું પડે છે કે હાલની જે કવિતાને આધારે વિદ્વાનો પંદરમી સદીની ભાષાની સ્થિતિ વર્ણવે છે તે કવિતાજ પંદરમી સદીની નથી, તો પછી તેને આધારે માની લીધેલી ભાષા તો યથાર્થ હોઇજ કેમ શકે ?

પ્રાચીન જૈન રાસાઓ અને બારોટ વિગેરેના કવિત ગ્રંથો કે જે તે કાળની બોલાતી ભાષામાં લખાયેલા હોય છે તેને અપભ્રંશ અથવા પ્રાકૃત-બહુલ કહેવાની કેટલાક બંધુઓ જે ભૂલ કરે છે તેનું કારણ એજ છે કે, નરસિંહમ્હેતાની વર્તમાન કવિતાની ભાષાનેજ તેઓ પંદરમી સદીની ખરી ગુજરાતી માનવાની ભૂલ કરી બેઠેલા છે. પણ હવે આશા છે કે પંદરમી સદીમાં બોલાતી ગુજરાતી ભાષાની સ્થિતિ જે હું અત્ર તે વખતના ગુજરાતી ટીકાગ્રંથોથી જણાવવાનો છું તે જોઇને પોતાની પૂર્વોક્ત ભૂલને તેઓ જરૂર સુધારશે.

**ઇતિહાસમાં બોલાતી ભાષાની વિશેષ ઉપયોગિતા**

આપણે જાણીએ છીએ કે પ્રાચીન પ્રજાનો ધાર્મિક, નૈતિક તેમજ સાંસારિક ઇતિહાસ જાણવાને માટે તે વખતમાં બોલાતી અને લખાતી ભાષા જાણવાની પ્રથમ જરૂર છે. તે તે કાળના લોકોના માનસિક વિચારો, ધાર્મિક અને સાંસારિક રીત રીવાજો અને ઉન્નતિ તથા અવનતિના માર્ગો જાણવાનું કોઇ પણ મુખ્ય સાધન હોય તો તે વખતની ભાષા અને તે ભાષામાં લખાયેલ પુસ્તકો છે. એ વાત નિર્વિવાદ છે. પણ તે ભાષા કેવા પ્રકારની હોવી જોઇએ તે વાત ખાસ વિચારવા જેવી છે. જો મ્હારા વિચારો ભૂલભરેલા ન હોય તો મ્હારી માન્યતા એ છે કે 'જે ભાષા તે કાળમાં સર્વ સાધારણમાં બોલાતી હોય, જે ભાષા અપ્રસિદ્ધ શબ્દોની ભરમારથી રહિત હોય, જે ભાષા કાવ્યના ઢંગથી લખાયેલી ન હોય અને જે ભાષા કાલાન્તરના ફેરફારોથી દૂષિત થએલી ન હોય તેજ ભાષા ભૂતકાળનો ઇતિહાસ જાણવાનું ખરૂં સાધન બની શકે.' આવી ભાષા નરસિંહ મ્હેતા કે મીરાંબાઇનાં ગવાતાં પદોમાં મળશે નહિ, કારણ કે તે અનેક ફેરફારોથી વિકૃત થએલાં છે. ત્યારે આવી ભાષા કયાં મળશે ? આવો પ્રશ્ન આપ જરૂર કરશો. મ્હારો ઉત્તર એ છે કે એ ભાષામાં લખાયેલા પ્રાચીન ટીકાગ્રંથોમાં આવી ભાષા મળી શકશે, પ્રાચીન ગુજરાતીમાં આવા ટીકા ગ્રંથો ઘણા લખાયેલા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરૂણપ્રભુસૂરિનો ષડાવશ્યકબાલાવબોધ, સોમસુંદરસૂરિના ઉપદેશમાલા, યોગશાસ્ત્ર, ષડાવશ્યક, ષષ્ટિ શતક, આરાધના પતાકા અને નવતત્ત્વ વિગેરે ગ્રંથોના બાલાવબોધો, મુનિસુંદરસૂરિના યોગ શાસ્ત્રના ચતુર્થ પ્રકાશનો બાલાવબોધ વિગેરે પંદરમી સદીમાં બોલાતી શુદ્ધ ગુજરાતી ભાષામાં લખાયેલા અનેક ટીકાગ્રંથો આજે વિદ્યમાન છે, જે પંદરમા શતકમાં વપરાતી ભાષાપર દીપકની જેમ પ્રકાશ નાંખે છે. આવા પ્રાચીન ટીકાગ્રંથોને આધારે જ હું જૂની ગુજરાતી ભાષાની સ્થિતિ વર્ણવાનો છું એ વાત મ્હારે આ સ્થળે સ્પષ્ટ કહી દેવી જોઇએ.

**પંદરમી સદીની શુદ્ધ ગુજરાતી ભાષાના નમુના.**

હવે હું ઉપર્યુક્ત ગ્રંથોમાંથી પ્રાચીન ગુજરાતી ભાષાના કેટલાક નમુના અત્ર ઉધ્ધૃત કરીશ, તે વાંચીને સાક્ષરવર્ગ વિચાર કરશે તો તે કાળની ભાષામાં કેટલો ફેરફાર થવા પામ્યો છે તે સહેજે જણાઇ આવશે.

સંવત ચૌદસો અગ્યારની સાલમાં ગુજરાતના પાટનગર અણુહિલ પાટણમાં આચાર્ય તરૂણપ્રભસૂરિએ રચેલી "ષડાવશ્યકબાલાવબોધવૃત્તિ" નામની આવશ્યકસૂત્રની ગુજરાતી ટીકાની ભાષાનું દિગ્દર્શન—

"एसो पंच नमुक्कारो=एउ पंच नमस्कारु ।
सव्वपावप्पणासणो=सवही पापरहइं प्रणासकु—फेडणहारु ।
मंगलाणं च सव्वेसिं=सवहीं मांगलिक्यहं माहि ।
पढमं हवइ मंगलं=पहिलउं मांगलिक्य हुयइ ।

एह माहि जिनशासनप्रवर्तनादिकहं कारणहं करी अर्हत, सिद्ध, आचार्य, उपाध्याय, सर्वसाधु लक्षण पांच नमस्कार करणाहं—

मग्गे अविप्पणासो आयार विणयया सहायत्तं । पंचण्हं नमुक्कारं करेमि एएहिं हेऊहिं ॥

ज्ञान दर्शन चारित्ररूप मोक्ष मार्ग तेह तणउं प्रवर्तनुं अर्हततणउ धर्म्म । अविप्पणासो—विनासतणउ अभावु सु सिद्धतणउ धर्म्म । आचारु ज्ञानाचारादिकु सु आचार्यहं तणउ धर्म । विणया (यया) विनयभावु द्वादशांग पाठ शिष्या सु उपाध्यायहं तणउ धर्म्म । सहायत्तधर्मसांनिध्यकरणु सु साधु तणउ धर्म । ए पांच हेतुकारं तीह करी पांचही अरहंतादिकहं रहइं नमस्कारु प्रणामु करेमि—करउं ।"

ષડાવશ્યક બાલાવબોધ વૃત્તિ પત્ર ૫.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" जु तपोलब्धिकरि अष्टापदि चडी ऋषभ जिनरहइं वंदइ सु चरमसरीरी तिणिहि जि मुक्तिगामी हुयइ । तउ जेतलइं अष्टापद यात्रामनोरथु गौतम स्वामि मनमाहि करइ तेतलइं भगवंति यात्रा विषइ आदेसु दीधउ । तउ गौतमु अष्टापदि चालिउ । जिनवचनु पूर्व भणितु सांभली करी अने राई कोडिन्य दिन्न सेवालि नाम पांच पांच सइं तावसु मुक्ति निमितु तिहां चालिया ।। तीइंमाहि कौडिन्यु कुलपति पांचसइं तापस सहितु एकोपवास करी पारणइ आर्द्र मूल फलाहारी पहिली मेखलां गयउ । दिन्नु कुलपति पांचसइं तापससहितु बिउं उपवास करी पारणइ शुष्क मूल फलाहारी बीजी मेखलां चडिउ । सेवाली कुलपति पांचसइं तापस सहितु त्रिउं उपवास करी शुष्क सेवालहरी त्रीजी मेखलां गयउ । त्रिहुइ कुलपति ऊपहरा चडिवा असकता हूंता पूर्विहिं तिहांइ जिरहिया छइं । तीहं रहइं तिहां रहिया हूंतां श्री गौतमस्वामि मूर्तिमंतु जिसउ पुण्यरासि हुयइ तिसउ उपचित सर्वदेहावयवुं कायकांतिकरी दीपितदसदिसावकासु आविउ । ति तापस सवइ गौतमरहइं देखी करी चित्ति चींतवइं–अम्हे तपि करि सोसियकाय इहां चडी नही सकता एउ इसउ उपचिति देहि करी यथा कामभोजी संभावीतउ किसी परि चडिसि । इसउं तीहं त्रिहुं तापसहरहइं चींतवतां हूंतां श्री गौतम गणनायकु रवि किरण अवलंबी करी अष्टापदि पर्वति चडिउ । तीहं नइ मनि महांत विस्मउ ऊपनउं । तउ पाछइ मनमाहि चींतवइं जइ किमहि पाछउ वलतउ अम्ह माहि आविसिइ तउ अम्हे एहना शिष्य होइ सिउं । × × ×

बीजइं दिनि प्रभातसमइ पुनरपि चउवीस जिन वांदी करी श्री गौतमस्वामि तिणिहि जि मार्गि आवतउ हूंतउ तापसहं माहि आविउ । तापसे वांदी करी वीनविउ भगवान् पसाउ करी अम्हरहइं दीक्षा दिउ । गौतमस्वामि योग्यता जाणी करी सर्वेदीखिया । पारणावसरि पूछिवा वछउ ! किसी इच्छा तुम्हरहइं छइ । तेहे चिंतवीउं अम्हारी आंत्र भूखकरी दाघी छइं जइ मागिउं भोजनु लाभइ तउ मनोवांछितु कांइ न मागियइं इसउं चींतवी करी परमान्नभोजनु मागिउं । श्री गौतमस्वामि पात्रु प्रतिलेखना पूर्वं लेकरी विहरिवा पहु तउ किणि हिं निवेसि कुणही कुटुंबी तणइ आपणइ भावि परमान्न नीपनउ हु तउं ते तले प्रस्तावि तेहतणइ घरि श्री गौतमस्वामि आविउ तिणि कुटुंबी आपणउं धन्यु मानतइ हूंतइ भाविकरी श्री गौतमु परमान्नु पात्रपूरि विहराविउ । खीरि

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



थोडी टीलां पुणिएतली खीरि अम्हरहइं नीपजइं नही। अथवा आचिंतनीय महिमा महात्मातणऊ छइ इसउ चींतवी करी पारणा करिवा गौतमि अनुज्ञात हुंता बइठा अखीण महाणसी लब्धि तणइं प्रभावि जांसीम आपणउ अंगूठउ बाहिरउ काढइ नहीं तांसीम पात्रु ठालउं थाइ नहीं। तिणि कारणि भगवंतु गौतमु तीहरहइं परसिइ " ५० आ० बो० पत्र २०

સંવત ૧૪૪૬ ની સાલમાં લખેલી પ્રત ઉપરથી તે વખતના સાધુ અતિચાર ની ભાષાનો નમુનો—

" त्रीजउ चारित्राचारु आलोउ।

पणिहाणजोगजुत्तो पंचहिं समिईहिं तीहिं गुत्तिहि। एस चारिता यारो अट्ठविहो होइनायव्वो ॥

सावधान हुई पांच समिति त्रिनि गुप्ति आलोउ। पांच समिति किसी भणी यइं ईर्या समिति मार्गि जातां युगमात्र दृष्टि दीधी न हुइं। डावउं जोई जिमणउं जोआइ पाछलु जोअइ वात करइ बाधउ दियइ हंसतउ चालइ मिच्छामि दुक्कडु भाषा समिति सावद्यु वचनुं बोलिउं हुइ कहइ प्रतिइं आवि जा कहिउं हुइ मिच्छामि दुकडु। एषणासमिति आलोउ सोल उदगमतणा दोष सोल उत्पात तणा दोष दश एषणा तणा दोष पांच मांडालि तणा दोष एवंकारइ बयतालीस दोष विशुद्ध आहारु लीधउ न हुइ असुद्धमानु विहरिउं हुइ ते सविहुं मिच्छामि दुकडु। आदानभांड मात्र निषेवणासमिति, आदानु भणीयइ लेवउं भांड मात्रु कषसणउं पछेडणउं मात्रडउ धम्मों पगरणु आदिहिइं अणपडिलेहुं लीधउं हुइ मुकिउं हुइ ते सविहुं मिच्छामिदुकडु। उच्चारु भणीयइ वडउं निरोधु खेलु श्लेष्मा संघाणु मलु मांडलिकाजउं कापुपाणी जोगु आविधिइं अणपडिलेहिइ अणप्रमार्जियइ परठविउं हुइ ते सविहुं मिच्छामि दुकडु। त्रिनि गुप्ति आलोऊ मनगुप्ति वचनगुप्ति कायगुप्ति मनिकरी आहटु दोहटु संकल्पु विकल्पु चींतविउं हुइ। वचनि करी कहइ प्रतिइं आवि जा कहिउं हुइ। काइं करी शरीरादि कुअण पाडिलेहिऊ खंढालिऊं हुइ ते सविहुं मिच्छामिदुकडु "
સાધુ અતિચાર ૫૦ ૨

સંવત ૧૪૯૬ માં સોમસુંદરસૂરિએ રચેલી ષષ્ટિશતકની ગુજરાતી ટીકાની ભાષા—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" लोअपवाहे सकुलकमंमि जइ होइ मूढ धम्मुत्तिता मिच्छाणवि धम्मो थक्काय अहम्मपरिवाडी ॥ " हे मूढ-मूर्ख जड लोकनरं प्रवाहि आपणइ २ कुलाचारि चालतां धर्म हुइ तु कुणएक धर्मवंत नहि सघलाइ षाटकी माछी वेश्या घांची मोची ठठार प्रमुख सहुइ आपणइ २ कुलाचारि चालइं छइं। आगिलाई वडा पूर्वज जे काम करताते पाछिलाइं करइं छइं। तामिच्छाण. तु पापी हिंसाना करणहार कुमारगना चालणहार म्लेच्छ तेरहइं धर्म हूइ ते हइ धर्मवंत हुआ। थक्का ० अधर्म पापनी परिपाटि परंपरानी वातइ माठी। अधर्म किहांइ छइं नही सहू धर्मवंतइ जिहूउं। एतलइ इसिऊ भाव कुलाचार जूऊ धर्मनु मार्ग जूऊ। कुलाचार किहिनु केतलु पुण्यमय हूइ कितनु पापमय हुइ पुण धर्मनु आचार जिहां जीवदया सत्यवचन ब्रह्मचर्यादिक गुण तिहांइ जि छइं अनेथि नथी। केती वारइं पूर्वज दालिद्री हुसिइं तु संतानीइं किसिउं लच्मी आवती न लेवी। अथ को पुर्वजइ कूइ पडी मुंऊ हूसिइ तु संतानीइं किसिऊ कूइ पडी भरिवउ। एह भणी कुलाचारनु कांई नहीं सूधउ धर्मजि जाण हूंतइं तेवउ"
ष० श० બા० પત્ર ૩

" धर्म करतां लगार कांई विघ्न पडइ अजाण लोक ते लेई धर्मरइं लगाडइं ए वात कहइ छई—

" मिच्छतसेवगाणं विग्घसयाइं पि बिंति नो पावा।
विग्घलवंमि वि पडिए दृढधम्माणं पणचंति ॥ "

मिच्छ० मिथ्यात्वना करणहारनइं अने राइं संसारनां काज व्यवसाय वीवाहादिक करतां विघ्न अंतराय दुःख उपसर्गना सइं पडइ ते ऊ पापी लोक ते बोलइ नहीं। विग्घ० अनइं जे दृढधर्म खरा धर्मना कर्तव्य करइं छइं तेहंइंइं केतीवारइं विघ्नलव लेशमात्र थोडुंइ अंतराइ दुःख पडइ तु मूढलोक नाचइं एहहइं धर्मकरतां आंम हूउं इसिउं न जाणइं निश्चइं धर्मकरतां रुडुं जि हुइ धर्मि विघ्न विलय जाइं जिम आगिपाणी करी उल्हाइ जि पुण प्रमाण जाणिवुं। जइ थोडउ अंगारमात्र आगि हुइ तु चुलूइ मात्रि पाणीइं उल्हाइ पणि दवानल ज्वलतु हुइ तु थोडइं पाणी कांइ नहीं मेघ वरसइ घणु पाणी पडइ तऊजि उल्हाइ तिम थोडउ पाछिला भवनुं पापकर्म थोडइं धर्मिइं विलय जाइ पुण कर्म घणु हुइ अनइं धर्म थोडउं हुइ तु किम तीणइं धर्मिइं घणुं कर्म विलय जाइ। पुण एक

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



निश्चइ जि जाणिवुं जं धर्मि करी पाप विलय जाइजि । जि सूर्येथिकु अंधारां नासइं जि जं धर्म करतांइ विघ्न न टलइं ते थोडा धर्मनुं कारण । " ष० श० बा० पत्र २१ ।

**વિવેચન.**

ઉપરની ભાષા વાંચતાં આપણને સહેજે પ્રાકૃત અને અપભ્રંશ ભાષાનું સ્મરણ થાય છે. તેમાં વપરાયેલાં 'करइ', 'धरइ' 'भरइ' વિગેરે ઘણાં ક્રિયાપદો તો ખાસ પ્રાકૃત અને 'અપભ્રંશનાં જ છે એમ કહીએ તો પણ ચાલે. આ સબંધમાં કેટલાકનો બચાવ એવો છે કે 'करइ' વિગેરેમાં 'इ' જુદો લખવાનું કારણ લિપિની રૂઢિ છે એટલે કે 'ए' ને ઠેકાણે 'अइ' 'ओ' ને સ્થાને 'अउ' વિગેરે લખવાની તે વખતના લેખકોની શૈલી છે. બાકી તેનાં ઉચ્ચારણો તો તે વખતે પણ 'ए' અને 'ओ' ના જેવાંજ થતાં હતાં. પણ હું આ બચાવને પ્રમાણિક ગણતો નથી. જો ઉચ્ચારણ તેવાં ન થતાં હોય ને લિપીની રૂઢિથી જ 'ए' વિગેરેને સ્થાને ''अइ' વિગેરે લખાતા હોય તો સંસ્કૃત ભાષાનાં પુસ્તકોમાં તેવી રૂઢિ કેમ દેખાતી નથી ? ખરી વાત તો એ છે કે શબ્દોના અંતમાં આજે બોલાતા 'ए' અને 'ओ' ને સ્થાને પ્રાચીન ભાષામાં બહુધા 'अइ' અને 'उ' તથા 'अउ' નું જ ઉચ્ચારણ થતું હતું.

ભાષાના ઇતિહાસનો અભ્યાસ કરવાથી આપણે જાણીએ છીએ કે આજથી બે હજાર વર્ષ ઉપર લગભગ આખા ભારત વર્ષમાં પ્રાકૃત ભાષાનો મુખ્ય પ્રચાર હતો. જે ભાષા આજે સંસ્કૃત કરતાં પણ વિશેષ અઘરી જણાય છે તેજ પ્રાકૃત ભાષા એક વખત આખા ભારતવર્ષની વ્યવહારિક બોલચાલની ભાષા હતી, પરંતુ જેમ જેમ કાળ વીતતો ગયો તેમ તેમ લોકરૂચિની વિચિત્રતાને લીધે ભાષામાં પણ વિભેદો પડતા ગયા, જેને પરિણામે હિંદી, ગુજરાતી, મહારાષ્ટ્ર વિગેરે સંખ્યાબંધ ભાષાઓ આજે ભારતવર્ષમાં અસ્તિત્વ ધરાવતી થઈ છે. આ સઘળી ભાષાઓ પ્રાકૃત ભાષાથી જન્મેલી છે એ આપણે વિના વિવાદે કબૂલ કરવું પડે છે.

જ્યારે આ વાત નિર્વિવાદ સિદ્ધ થઇ ચુકી છે કે 'ગુજરાતી ભાષાની ઉત્પત્તિ પ્રાકૃત ભાષામાંથી થયેલી છે' ત્યરે તેમાં પ્રાકૃત શબ્દો અને ક્રિયાપદો હોવાનો કેટલો સંભવ છે તે આપણે સહેજે સમજી શકીયે તેમ છીયે. વળી પંદરમી સદીની ગુજરાતી ભાષાને તો પ્રાકૃતની અપભ્રંશાવસ્થામાંથી જુદી પડયા ને હજી ઘણોજ અલ્પ સમય થયો હતો. આવી અવસ્થામાં તેમાં 'अइ' 'अउ' વિગેરેના રૂપમાં પ્રાકૃત અને અપભ્રંશ ભાષાની ઝલક આવવી એ સ્વાભાવિક અને અનિવાર્ય છે.

ઉપર આપણે કહી ગયા કે ગુજરાતી ભાષાનો પ્રાદુર્ભાવ પ્રાકૃતથી થયો. એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રચાર.** ઉપરથી શોધકોને એવું અનુમાન કરવાને કારણ મળે છે કે હિંદી, ગુજરાતી, મારવાડી વિગેરે જે જે ભાષાઓ પ્રાકૃત ભાષાથી ઉત્પન્ન થએલી છે તે સર્વમાં પૂર્વે ઘણું સામ્ય હોવું જોઇએ. નીચે લખેલા પ્રચીન બંગાલી, મારવાડી અને ગુજરાતી ભાષાના નમુના જોવાથી ઉપર્યુક્ત અનુમાનની સત્યતા આપણે કેટલેક અંશે સમજી શકીશું.

૧૧ મી સદીની આસપાસની જુની બંગાલી ભાષા—

" अधराति भर कमल विकसउ बतिस जोइणी तसु अंग उह्लसिउ ॥ ध्रु ॥
चालिउअ षषहरमागे अवधूइ रअणहु पहजे कहेइ ॥ ध्रु ॥
बिरमानन्द्र विलक्षण सुध जो एथु बूझइ सो एथु बुध ॥ ध्रु ॥

—ભસુકુપાદ સિદ્ધનું બૌદ્ધગાન, બૌદ્ધગાન ઓ દોહા પૃ. ૪૨

" जहिमन पवन न सञ्चरइ रवि शशि नाह पवेश ।
तहि बट चित्त बिसाम करु सरहे करिअ उवेश ॥ "

—સરોજ વજ્રનો દોહા કોષ, બૌદ્ધગાન ઓ દોહા પૃ. ૯૨

बुद्धि विणासइ मण मरइ जहि अहिमान ।
सो मायामयपरमकलु तहि किं वज्झइ झाण ॥
गुरु उवएसो अमिअरसु हवहिं ण पीअउ जेहिं ।
बहुसत्थत्थमरुत्थलिहिंतिसिए मरिथउ तेहि ॥ "

સરોજવજ્રનો દોહાકોષ બૌ. ગા. પૃ. ૧૦૧—૧૦૨

" लोअह गव्व समुव्वहइ हउ परमथे पविन ।
कोटिह माह एक जल होइ निरंजन लीण ॥
आगम वेअ पुराणे पंडित्त मान वहंति ।
पक सिहिफल आलिअ जिम बाहेरित भुमयन्ति ॥ "

—કૃષ્ણાચાર્યનો દોહાકોશ, બૌ. ગા. દો. પૃ. ૧૨૩ । ૧૩ મી સદીની જુની મારવાડી ભાષાનો નમુનો—

" आराममंदिर वाविसुंदर तुंग तोरण रम्म
पायार जिणहर कूव सरवर सरग जिणवा खम्म ।
तिहिं कुंडलजलकति नेउरखलकति हार लहकति नार

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तिहिं दिसति गजगति बोरियावहि रयणकंचणकार ॥
तिहिं तुरय मयगल रथहि मंडित इसिउ अछे ते ठाम
तिहिं अतिमणोहर सयकारिहिं खित्तियकुंडह गाम ॥
तिहिं राउअ छगुणिहिं रंजित तिसलदेविहिं कंत
सिद्धत्थ नामहिं नयरगामिहिं समृद्ध सुंदर संत ॥
ता आसाढमासह नविअ आसअ सुकिल छठिहिं वीर
अवइ सामिउ तिसलदेविहिं उयर अतिगंभीर ।
ता चित्तमासह सुकिलतेरसि जनम हुऊ देव
ता देव दाणव राय राणा जास करसइं सेव ॥ ”

—મંગલસૂરિ રચિત મહાવીર જન્માભિષેક કલશ, વિવિધ પૂજાસંગ્રહ. પૃ૦ ૪૪૫—૪૬.

૧૩ મી સદીની જુની ગુજરાતી ભાષાનો નમૂનો.

“ परमेसर तित्थेसरइ पयपंकज पणमेवि ।
भणिसु रासु रेवंतगिरि अंबिक दिवि सुमरेवि ॥
गामागर पुर वण गहण सरिसरवरि सुपएसु ।
देवभूमि दिसि पच्छिमह मणहरु सोरठ देसु ॥
जिणु तहिं मंडलमंडणउ मरगय मउड महंतु ।
निम्मल सामल सिहर भर रेहइ गिरि रेवंतु ॥
तसु सिरि सामिऊ सामलऊ सोहगसुंदर सारु ।
जाइव निम्मल कुल तिलऊ निवसइ नेमिकुमारु ॥
तसु मुहदंसणु दसदिसवि देसदिसंतरु संघ ।
आवइ भावरसालमण उहलि रंगतरंग ॥ ”

વસ્તુપાળ મંત્રિના ગુરૂ વિજયસેનસૂરિએ રચેલ રેવંતગિરિ રાસ, સપ્તમ હિન્દી સાહિત્ય સમ્મેલન લેખમાળા. પૃ૦ ૫૭

ઉપરના દાખલાઓથી તેમજ ચંદ બારોટના પૃથ્વીરાજ રાસાની ભાષા જોતાં એ વાત સ્પષ્ટ જણાઇ આવે છે કે વિક્રમની બારમી તેરમી સદી સુધીમાં તો ગુજરાતથી બંગાળ સુધીની ભાષામાં ઘણો જ થોડો ફેરફાર થવા પામ્યો હતો, અને તે વખતની ગુજરાતી અને મારવાડી ભાષામાં તો કેવળ સ્થાનિક ભેદ જેવો જ નામ માત્રનો ભેદ ગણાતો હતો. બાકી ભાષાની સ્થિતિ તો બિલકુલ અભિન્ન હતી, એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાત પણ આપણે ઉપરના પુરાવાઓથી સારી પેઠે જાણી શકીએ છીએ. આ બધું જોતાં એમ કહેવું ખોટું તો નહિ જ ગણાય કે આજના કરતાં પંદરમી સદીમાં બોલાતી ગુજરાતી ભાષાનો પ્રચાર ઘણા મ્હોટા વિસ્તારમાં હતો. યદ્યપિ તથાવિધ સામગ્રીના અભાવને લીધે પંદરમા સૈકામાં ગુજરાતમાં બોલાતી ભાષાના પ્રચારનું ક્ષેત્ર નિર્ણીત કરવું એ અત્યારે કઠિન કાર્ય છે તથાપિ અન્યાન્ય જૈનાચાર્યોનું પ્રાચીન ભાષા સાહિત્ય જોયા પછી હું એવા અનુમાન ઉપર આવ્યો છું કે પંદરમી સદીના ઉતાર સુધીમાં તો લગભગ આખા મેવાડ દેશ અને જોધપુર સુધીના મારવાડ પ્રાન્તોની તેજ ભાષા હતી કે જે ગુજરાતમાં બોલાતી હતી, પણ ત્યારપછી એટલે કે સોળમી સદીના ઉત્તરાર્ધ પછી ફારસી અને ઉર્દુના વિશેષ સંસર્ગને લઇને મારવાડ અને મેવાડની ભાષા હિંદી ભાષાની સાથે વધારે મેળ ખાવા લાગી અને ગુજરાતી ભાષાથી જુદી પડી. આ મ્હારા અનુમાનની સત્યતા જણાવવાને ખાતર મેવાડની વર્તમાન રાજધાની ઉદયપુરથી ૧૭ માઇલ છેટે ઉત્તરમાં આવેલ દેવકુલ-પાટક ( દેલવાડા ) માં સંવત ૧૪૯૧ ની સાલમાં ત્યાંની ભાષામાં લખાયેલ એક શિલાલેખ અને તેજ નગરમાં સં. ૧૪૬૬ માં રચાયેલ ક્રિયારત્નસમુચ્ચયના વિભક્તિ પ્રયોગ–વિભાગમાં આપેલાં ત્યાંની લોકભાષાનાં વાક્યોનો આ સ્થળે ઉલ્લેખ કરવો વિશેષ ઉપયોગી થઇ પડશે.

દેલવાડાનો શિલાલેખ—

“ संवत् १४९१ वर्षे कार्तिक शुदि २ सोमे राणाश्री कुंभकर्णविजयराज्ये उप-केशज्ञातीय साह सहणा साह सारगने मांडवी ऊपरि लागु कीधु। सेलइथि साजणि कीधु अंके टंका चऊद १४ जको मांडवी लेस्यइ सु देस्यइ । चिहु जणे बइसी ए रीति कीधी । श्री धर्मचिंतामणि पूजानिमित्ति । सा० रणमल मइं डुंगर से० हाला साह साडा साह चांपे बइसी बिहु रीति कीधी एइबोल लोपवा कोन लहइं । टंका पदेउल वाडानी मांडवी ऊपरि । टंका ४ देउलवाडाना मापाउपरि । टंका २ देउलवाडाना मणहेउं वटा उपरि । टंका २ देउलवाडाना बोरीवटा उपरि । टंकाउ १ देउलवाडाना पटसूत्रीय उपरी एवं । कारइ टंका १४ श्री धर्म चिंतामणि पूजनिमित्ति सा० सारंगि समस्तसंघि लागु कीधउ ॥ शुभं भवतु ॥ मंगलाभ्युदयं ॥ श्रीःए आसु जिको लोपइ तेहेरहिं राणा श्री हमीरराणा, श्री षेताराणा श्री लाषा रा० मोकलराणा श्री कुंभकर्णनी आण छइ । श्री सं-घनी आण । श्री जीराउला श्री शत्रुंजय तणा सम ॥ ”

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિજય ધર્મસૂરિ લિખિત देवकुलपाटक પૃ૦ ૨૦ ક્રિયારત્ન સમુચ્ચયનાં ભાષા ભાઉયો.

" अथ बालानामवबोधाय प्राकृतवार्ताभिर्विभक्तिविभागो वर्ण्यतेविभक्ति १० । काल ३ । तत्र वर्तमान काल विभक्ति ३, वर्तमाना, सप्तमी, पञ्चमी ।

(१) एउकरइ, लिअइ, दिअइ, जायइ, आवइ, जागइ, सुअइ । ए घणा करइं, लिइं । तूं करँ, लिअँ, दिअँ । तुम्हे करउ, लिअउ, दिअउ । हूं करउं, लिउं, दिउं । अम्हे करउं इत्यर्थे वर्तमाना ।

तथा, देवदत्तइं तइंमइं हुईअइ, सुईअइ, बइसीअइ, इत्यादि अकर्मक-धातूक्तौ भावे अन्यथर्थायमात्मानेपदैकवचनम् । कीजइ, लीजइ, दीजइ । तूं कीजं, तुम्हे कीजउ, हूं कीजउ इत्यर्थे कर्मणि वर्तमाना । × × ×

वर्तमान काल एव " विधि निमन्त्रणामन्त्रणाभीष्टसंप्रश्न प्रार्थने " । ५ । ४ । २८ ॥ इति वचनात्, करेवउं, लेवउं, देवउं, तथा करिजो, लेजो, देजो । तूं करिजे, लेजे, देजे । तुम्हे करिजो । हूं, अम्हे करिजउं, लेजउं देजउं । तथा करत, लेअत, देअत, इत्यर्थे विध्यादि प्रधानायां उक्तौ कर्तरि सप्तमी.

(३) करउ, लिउ, दिउ, हुउ, तूं करि, लइ, दइ, जा, आवि, पढि, गुणि इत्यर्थे अनुमतौ कर्तरि पञ्चमी । तथा आशिषि पञ्चमी, एउ राज्य करउ । एहना वइरी मरउ ।

आजु कीधउ, आजु लीधउ, आजु दीधउ इत्यर्थे अद्यतनी ।

कालि कीधउ, कालि लीधउ इत्यर्थे ह्यस्तनी ।

सामान्यतोऽतीतकाले, आगइ करतउ, आगइ लेतउ, आगइ करता, आगइ लेता इत्यर्थे कर्तरि । आगइ कीधउं, आगइ लीधउं, आगइ दीधउं, इत्यर्थे कर्मणि च ह्यस्तनी ।

करिसिइं, लेसिइं, देसिइं । तूं करिसिइ, लेसिइ, देसिइ । तुम्हे करिसिउं हूं करिसु । अम्हे करिसिउं इत्यर्थे श्वस्तनी भविष्यन्ती वा ।

करिज्यउ, पढिज्यउ, मरिज्यउ, हुज्यउ इत्यर्थे आशिषि आशीषः । "

—ક્રિયારત્ન સમુચ્ચય પૃ૪. ૧૬, ૧૭, ૧૮.

ઉપરની દેવકુલપાટકની ભાષા અને પૂર્વે આપેલી પંદરમી સદીની ગુજરાતી ભાષાને સરખાવતાં ઉપરનું મ્હારૂં અનુમાન ખરૂં હોવાની વિશેષ ખાત્રી થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક ભ્રમ નિવારણ

આ પ્રસંગે મ્હારે એક નિરાકરણ કરવું પડશે. હિન્દી ભાષાના પૂજારી કેટલાક મ્હારા બન્ધુઓને હું એવા ભ્રમમાં પડેલા જોઉં છું કે 'પંદરમી સદીની પૂર્વે ગુજરાત દેશમાં પણ ગ્રન્થભાષા હિન્દી જ હતી.' યદ્યપિ હું પોતે પણ હિન્દી ભાષાનો ઉપાસક છું, મુખ્યતયા મ્હારી લેખભાષા પણ હિન્દી જ છે તથાપિ હું તે મ્હારી પ્રિય ભાષાની એવી રીતે અઘટિત પ્રતિષ્ઠા જમાવવા ઇચ્છતો નથી. હિન્દી ભાષાની વિક્રમની આઠમી સદીમાં ઉત્પત્તિ અને ગુજરાત દેશમાં પ્રચાર માનવામાં શ્રદ્ધા સિવાય કંઇ પણ પ્રમાણ નથી. જો આવી શ્રદ્ધાનો ત્યાગ કરીને શોધક દૃષ્ટિથી પંદરમી સદીના પૂર્વકાળની ગુજરાત દેશની ભાષાનો અભ્યાસ કરવામાં આવ્યો હોત તો તેને હિન્દી નહિ કહેતાં અપભ્રંશ કે જુની ગુજરાતી કહ્યા વિના ચાલત નહિ. હજી પણ મ્હારા હિન્દી ભાષા ભાષી મિત્રો પંદરમી સદીની ગુજરાતી ભાષાના વિસ્તારક્ષેત્ર તરફ ધ્યાન આપશે તો આ પોતાના ભ્રમને તેઓ પ્રત્યક્ષ જોઇ શકશે.

ઉપસંહાર.

મ્હારા આ ટુંકા લેખનો ઉપસંહાર કરતાં પહેલાં ફરી એક વાર ગુર્જર સાક્ષર સમાજને એ વાતની યાદ દેવા ઉચિત ધારૂં છું કે 'કોઇ પણ દેશની ભાષાનું ખરૂં સ્વરૂપ જાણવાનું સાધન તે તે કાળે લોકભાષામાં લખાયેલા ટીકાગ્રન્થો છે' એ મ્હારી માન્યતા જો ખરી હોય તો આપને એ દિશામાં ગમન કરવું જરૂરી છે. મ્હારી માન્યતા મુજબ જુની ગુજરાતી ભાષાનું વિસ્તારક્ષેત્ર મ્હોટું હોઇ તે ભાષામાં લખાયેલા અનેક ગ્રન્થો વિદ્યમાન હોવા જોઇએ. પંદરમી સદીના પ્રારંભથી અંત સુધીમાં લખાયેલ અનેક જૈન ટીકાગ્રન્થો જૈન ભંડારોમાં દૃષ્ટિગોચર થાય છે એ વાત તો આપણે ઉપરનાં ઉદાહરણોથી પણ જોઇ શકીએ છીએ.

આજ પર્યંત ઉપલબ્ધ થયેલા ગુજરાતી ભાષાના ગદ્ય ગ્રન્થોમાં તરૂણપ્રભનો ષડાવશ્યક બાલાવબોધ પહેલે નંબરે મૂકવા લાયક છે. આ ગ્રન્થ ૭૦૦૦ સાત હજારથી અધિક શ્લોક પ્રમાણનો છે અને એની રચના ૧૪૧૧ ની સાલમાં થએલી છે. એની ભાષાના નમુના મ્હેં ઉપર આપેલા છે. આ ગ્રન્થ કરતાં વધારે કોઈ પણ પ્રાચીન ટીકાગ્રન્થ હજુ સુધી ઉપલબ્ધ થયો નથી, પણ ગુજરાતી સાહિત્યના પ્રેમીયો આ વિષયની શોધ કરશે તો એથી પણ જુના કઇક ગ્રન્થો મળી આવશે એવી મ્હારી માન્યતા છે.

છેવટે, આ નિબંધને માટે ઉપયોગી સાહિત્યની મદદ આપનાર પૂજ્યપાદ પ્રવર્તક શ્રીમત્ કાંતિવિજયજી મહારાજનો આ સ્થળે ઉપકાર માની મ્હારા પ્રાકૃત લેખને સમાપ્ત કરૂં છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ॐ

# "શ્રી આત્માનંદ પ્રકાશ માસીક અને તેની સાહિત્યસેવાની વિશાળતા"

આ માસીકનો આ અંક સત્તરમાં વર્ષનો છેલ્લો હોવાથી માસિકનું સત્તરમું વર્ષ તે સાથે પૂર્ણ થાય છે. જુદા જુદા વિદ્વાન સાધુમુનિરાજો અને ગૃહસ્થોથી લખાયેલ નવીન નવીન લેખો વડે, અમારા કદરદાન ગ્રાહક બંધુઓને રસપૂર્ણ વાંચનનો બહોળો લાભ આપી અમો જૈન સમાજની યથાશક્તિ આ માસીકદ્વારા સેવા કરીયે છીએ. સાહિત્યના પ્રચારમાં માસીકોનું સાધન એ સૌથી સબળ છે, એમ વિદ્વાન પુરૂષો કહે છે જેથી તેને આદર્શ બનાવવાને દર વર્ષે ઉત્તરોત્તર ઉત્તમ લેખો આપવાનો પણ સુપ્રયત્ન ચાલુ છે, જે અમારા સુજ્ઞ ગ્રાહકો સ્વત: સમજી શકે તેવું છે. તેની અનુકૂળતા, સરળતા, વિશાળતા અને સસ્તી કિંમતે તેને વધારે પ્રચાર કરવાની અભિલાષા જો હોય તોજ એકંદરે સમાજ કાયમનો ઉપયોગ કરવા કટિબદ્ધ રહી શકે છે; તેટલુંજ નહિ પરંતુ તેવા પ્રયત્નો વડે સમાજને તેની તરફ આકર્ષિક શકાય છે, બીજા સાધનો કરતાં ઓછા સમયના ભોગે બહોળું સાહિત્ય ફેલાવી શકાય છે અને મોટો સમૂહ ધાર્મિક અને નૈતિકોપયોગી ઘણી બાબતો સાથે પુષ્કળ સાહિત્યનો લાભ લઇ શકે છે.

* * * *

હાલમાં છપાઇ, કાગળ વગેરેની ઘણીજ મોંઘવારી હોવાના સબબે તેમજ અત્યારે દરેકના ત્રણથી ચારગણા દામ વધારે આપવા પડે છે, જેને લઇને, ગયા વૈશાક-જેઠ માસના અંકમાં આ માસિકનું લવાજમ વધારવું પડશે તેમ સામાન્ય સુચના કરવામાં આવેલી હતી, પરંતુ તેનો નિર્ણય કરવા આ સભાની જનરલ મીટીંગ થોડા વખત પહેલાં મેળવતાં તેમાં એવો ઠરાવ કરવામાં આવ્યો કે, દરેક ધાર્મિક સંસ્થાઓ ( સભા ) નો હેતુ સમાજસેવા કરવાનો છે. કાંઇ વેપાર કે ધાર્મિક પેઢી ચલાવવાનો નથી કે માત્ર લાભ કે ટોટાનોજ વિચાર થવો જોઇએ. પરંતુ જ્યારે સાહિત્યની અભિવૃદ્ધિમાં માસીક એ સૌથી સબળ સાધન ગણાય છે તો તેની અનુકુળતા, સરળતા, વિશાળતા કરવા તેમજ સમાજમાં વાંચન બહોળા પ્રમાણમાં ફેલાવવા માટે ગમે તેવા સંયોગોમાં પણ આવી સંસ્થાઓએ તેની કિંમત વધારવાને બદલે ઓછી કરી જૈન બંધુઓ કેમ વધારે લાભ લે, તેમ આવા અને બીજા સુપ્રયત્નો કરવા જોઇએ. જોકે અત્યારે સખ્ત મોંઘવારીને લઇને આર્થિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાબતમાં પહોંચી શકીયે તેમ નથી તે વાત ખરી છે અને તેને લઇને ભલે બીજા માસીકોએ કે સંસ્થાઓએ તેનું લવાજમ વધાર્યું હોય તોપણ, આ ધાર્મિક સંસ્થા કે જેના સર્વ સંચાલકો માત્ર સમાજ-સેવા કરવાની વૃત્તિથી કામ કરતા હોવાથી અને સભાનો ઉદ્દેશ પણ સમાજની ધાર્મિક, વ્યવહારિક ઉન્નતિ કરવા, કેળવણીની અભિવૃદ્ધિ કરવા અને આવા માસિકદ્વારા વાંચનનો બ્હોળો ફેલાવો કરી સમાજ તે તરફ આકર્ષિ સાહિત્ય પ્રચાર કરવાનો હોવાથી આ સભાએ પોતાના ઉદ્દેશને વળગી રહી ઠરાવ કર્યો કે આ સભાએ શ્રી આત્માનંદ પ્રકાશનું લવાજમ બીલકુલ વધારવું નહીં, તેટલુંજ નહીં પરંતુ છે તે રાખવું. અને મોંઘવારીના સબબે જે કાંઇ આર્થિક બાબતમાં સોંઘવારી થતાં સુધીની નુકશાની ખાતે ( ટોટો આવે ) તે સભાએ તેવા ખાતે માંડી વાળવો કારણકે સભાના નાણા તે એક સાર્વજનિક (જૈનસમાજના) હોવાથી સાહિત્યનો બ્હોળા પ્રચાર કરતાં અને તેવી સેવા કરતાં, સસ્તિ કિંમતે આપતાં સમાજની અભિવૃદ્ધિ, પ્રગતિ કે આબાદી માટે કાંઈ પણ સહન કરવું, ખર્ચ કરવું કે વ્યય કરવો પડે અને તેને અંગે કદાચ મુદલ કરતાં પણ ઓછું ઉપાર્જન થાય તોપણ તે ભોગવવું તે પણ ખાસ સેવા છે. જેથી આ સભાએ પોતાનો ઉદ્દેશ ધ્યાનમાં રાખી સમાજ-સેવા કરવાના મુખ્ય હેતુને લઇને ખોટનો વિચાર નહીં કરતાં તેની તેજ કિંમત રાખી આવા પ્રકારની ઉદારતા બતાવી છે. આ ઉદ્દેશો ધ્યાનમાં લઇ તેવી પ્રવૃત્તિ કોઇપણ સંસ્થાઓ કરે તો જે સમાજ પાસેથી તેવા નાણાની પરોપકાર માટે વૃદ્ધિ થાય છે તેથી તેમાંથી તેજ રીતે સમાજની ઉન્નતિ માટે તે કે તેમાંથી ખર્ચવું કે તેવી બાબતો માટે ખોટ ખમવી પડે તે અયોગ્ય નથી. કારણ કે સમાજ પાસેથી લઇ સમાજની ઉન્નતિ માટે તેમને આપવા સિવાય બીજું કશું નથી. આવો પ્રયત્ન કરતાં સાહિત્યની અભિવૃદ્ધિ થવા સાથે જૈનસમાજ વાંચનનો બહોળો લાભ લઈ શકે અને વાંચનની અભિરૂચી વધતાં વાંચકો પણ વધે જેથી તેમ કરવાની અમો દરેકને વિનંતિ કરીયે છીયે.

*　　*　　*　　*

આ માસિક માટે દરવર્ષે દસ ફાર્મની ભેટની બુક આપવાનો સભાનો ધારો છતાં ઘણીવાર તે કરતાં વધારે ૧૫-૨૦-૨૫ કે ૩૦ ફાર્મની ભેટની બુકો પણ આપવામાં આવેલી છે. આટલી મોટી ભેટની બુકો આપતાં પણ ઘણો મોટો ખર્ચ થાય છે, છતાં ઉપરના હેતુથી તેમજ નફાની બીલકુલ દરકાર નહિ રાખતા તેમ કરવામાં આવે છે. નિયમિત રીતે દર વર્ષેજ દ્રવ્યાનુયોગ કે કથાનુયોગની આટલી મોટી ભેટની બુક તો માત્ર અમોજ આપીએ છીએ. જે હેતુ પણ ઉપર જણાવવામાં આવ્યો છે તેજ છે.

*　　*　　*　　*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ વર્ષે " શ્રી દેવભક્તિમાળા પ્રકરણ " નામનો ગ્રંથ સુમારે વીસથી પચીશ ફારમનો ( જેની ટુંક હકીકત માસિકના ટાઇટલ ઉપર આપવામાં આવેલ છે. ) તે અમારા કદરદાન ગ્રાહકોને ભેટ આપવાનો છે. શ્રાવણ સુદથી તે વી. પી. કરી મોકલવાનો છે. વી. પી. કરતાં અનેક મુશ્કેલીઓ અને ટાઈમનો વ્યય થતો હોવાથી અમારી સગવડતા સાચવવા ખાતર દરેક ગ્રાહક બંધુ લવાજમ મનીઓર્ડર કરી મોકલી આપશે તો તેમનો આભાર માનીશું.

આ માસિકમાં આવતા વિવિધ લેખોથી તેની થયેલી ઉપયોગીતા, લોકપ્રિયતા, વગેરે હકીકત જૈન સમાજને સુવિદિત હોવાથીજ દર મહિને નવાનવા ગ્રાહકો થવા માટે અનેક પત્રો આવે છે, છતાં આ માસિકને હજી આ કરતાં વધારે સુંદર, વધારે આકર્ષક અને બાહ્ય અભ્યંતર સ્વરૂપમાં વૃદ્ધિ કરતાં ગ્રાહકબંધુઓ અને જૈનસમાજની સેવા કેમ વધારે થઇ શકે તેવી સભા ઇચ્છા ધરાવે છે. તેમ થવા માટે જરા સોંઘવારી થવાની જરૂર છે.

આ માસિકનું બાહ્ય અંગ પણ અમારે સચિત્ર અને સુંદર બનાવવાની ઢીલ થવાનો મૂળ હેતુ સખ્ત મોંઘવારીનો છે, પરંતુ તે કરતા વધારે તેનો લાભ લવાજમની કિંમત નહિ વધારતાં તેજ રાખી તેના અંતરંગ લાભની પ્રાપ્તિમાં મુખ્ય માની છે. તેમ અમારી તે શુભ ઇચ્છાને વિશેષ પુષ્ટિ મળે તે માટે અમારા સુજ્ઞ ગ્રાહકોએ પણ થોડો પ્રયત્ન કરવાની જરૂર છે, તે એકે દરેક ગ્રાહક બંધુઓ પણ જરા તસ્દી લઈ એક એક ગ્રાહક વધારી આપશે.જેથી અમો તેના આભારી થઈશું અને તેથી અમારા ઉત્સાહમાં પણ વૃદ્ધિ થશે. આ સુચના ઉપર દરેક જૈનબંધુઓને લક્ષ આપવા વિનંતિ છે.

આટલી હકીકત જણાવવાનું કારણ આ સભાનો શું હેતું છે તે છે. જેથી ઉપર જણાવેલ હકીકત ઉપર દરેક જૈનબંધુઓ ધ્યાન આપશે અને આ સભાની ઉપર જણાવેલ પ્રવૃત્તિ તથા હેતુ ધ્યાનમાં લઈ દરેક જૈન બંધુઓ તેના ગ્રાહક થઇ અથવા બીજી રીતે કદર કરી ઉત્તેજન આપશે, જેથી આ કરતાં વધારે સેવા કરવા જેમ આ સભા તૈયાર છે તેમ તે રીતે કોમની સેવાથી થતા મહાન લાભના ભાગીદાર પણ આ માસિકના અમારા માનવંતા ગ્રાહક બંધુઓ થઇ શકશે.

( માસીક કમીટી. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ન્યાયાંભોનિધિ શ્રીમદ વિજયાનંદ સૂરિ ( શ્રી આત્મારામજી ) મહારાજના પરિવાર મંડળના ચાતુર્માસ.

૧ શ્રી વિજયકમળ સૂરિ મહારાજ તથા વ્યાખ્યાન વાચસ્પતિ શ્રી લબ્ધિવિજય મહારાજ વગેરે. ખંભાત.

૨ પ્રવર્ત્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી મહારાજ તથા મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ વગેરે. પાલીતાણા.

૩ મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજ તથા પંન્યાસજી શ્રી સંપત્તવિજયજી મહારાજ વગેરે. જુનાગઢ.

૪ મુનિરાજ શ્રી સુમતિવિજયજી મહારાજ. લુધીયાના—પંજાબ.

૫ મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ વગેરે ખુડાલા સ્ટેશન ફાલના દેશ મારવાડ.

૬ પંન્યાસજી શ્રી દાનવિજયજી મહારાજ વગેરે. અમદાવાદ.

૭ પંન્યાસજી શ્રી સોહનવિજયજી મહારાજ વગેરે. વીકાનેર—મારવાડ.

૮ પંન્યાસજી શ્રી લલિતવિજયજી મહારાજ વગેરે. સાદડી—મારવાડ.

૯ પંન્યાસજી શ્રી ઉમંગવિજયજી મહારાજ વગેરે. તખતગઢ—મારવાડ.

૧૦ મુનિરાજ શ્રી દોલતવિજયજી મહારાજ વગેરે. સીનોર—ગુજરાત.

૧૧ મુનિરાજશ્રી જિનવિજયજી મહારાજ પુના—ભારત જૈન વિદ્યાલય ફરગ્યુસન કોલેજ.

જો તમારે સંસારમાં

# સ્વર્ગ

જોઇતું હોય તો સ્ત્રીવર્ગને સંસ્કારીત કરો જેમ કરવા માટે

સૌથી સારૂં સાધનઃ—**શ્રાવિકા માસીક**

નું વાંચન સ્ત્રી વર્ગમાં ફેલાવવાથી થશે. કેમકે તેમાં સ્ત્રી ઉપયોગી નૈતિક વ્યવહારિક બોધક વાર્તાઓ, સ્ત્રીકર્તવ્યના પાઠો—ઉદ્યોગો—કાવ્યો—પ્રાચિન મહાન સતીઓના ચરિત્રો—ઇતિહાસો અને ઘરગથુ અનેક વિષયોનો સંગ્રહ આવે છે. વળી તે—

**દરેક વિષયને લગતા ચિત્રો**

આપીને આકર્ષક તેમજ સરલ કરવામાં આવે છે. આ માસિક તદન નિયમીત રીતે પ્રગટ થાય છે અને દેશના સમર્થ આગેવાનો—વિદ્વાનો એકે અવાજે તેની પ્રશંસા કરે છે. **સ્ત્રીસુખ—દર્પણ શ્રાવિકા ઓફિસ—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાચી મિત્રતા.

"જીવનને જીવવા લાયક બનાવનાર મોટી બાબતોમાં મિત્રો એકજ રીતે ધબકે છે. સાચી મિત્રતાનું બીજ હૃદયના ઉંડામાં ઉંડા રહેલું છે. જ્યારે કેદી રાજાની પુત્રી એલેકઝાન્ડરની પાસે બેઠેલા તે મિત્રને એલેકઝાન્ડર ધારીને તાબેદારીથી નમી પડી ત્યારે તેને પોતાનો બહુજ દુઃખ થયું. પરંતુ વિજયી સિકંદરે કહ્યું કે—"બાઇ, તું દુઃખી કારણ કે તે પણ એલેકઝાન્ડર જ છે." જે મિત્ર એલેકઝાન્ડરની સાથે સ સમભાવમાં હતો તેને માટે આ સુંદરમાં સુંદર વચનો હતાં. આવા મિ તમારાં સામર્થ્યના ખરા સ્તંભ છે. જ્યારે તમારૂં દુઃખ અસહ્ય હશે ત્યા તેઓ ભાગ લેશે; અને જ્યારે તમારા જીવનમાં આનંદ-સુખ ઉછળી રહ ત્યારે તેઓ તમારા સુખમાં વૃદ્ધિ કરશે.

"જે મિત્રને તમે યુવાવસ્થામાં પસંદ કરો છો અને જે તમારા ભોગવવાના પ્રયાસમાં તમારી સાથે સંકળાયલા રહે છે તે તમને દિનપ્ર વધારે ને વધારે વ્હાલા લાગશે. જીંદગીની મુશ્કેલીઓથી તેમના અને હૃદયના તાર એક થઇ જશે. તમારા દુઃખનો સમય તેમના અને તમારા એવા પ્રકારનું બંધન ગુંથશે કે જે બંધનને પાછળથી સમય પોતે પણ શકશે નહિ. **દુઃખને સમયે જ સાચા મિત્રો પ્રકાશી આવે છે. જે આપણાં દુઃખમાં ભાગીઆ થાય છે, જે આપણી ચિંતાઓ સ છે, અને તોફાનમાં આપણને ટકાવી રાખે છે તેઓ જ શ્રેષ્ઠ મિત્ર**

"તમને એવા સારા મિત્રો મળ્યા હોય અને તેમની કસોટી પણ હોય તો પછી તેમને પોલાદનાં બંધનથી તમારા હૃદયમાં જડી લે જો. પરસ્ માટે સ્વાર્પણ, પરસ્પરનાં સામર્થ્યમાં વિશ્વાસ, અને પરસ્પરના સ્નેહમાં સં શ્રદ્ધા, આ બંધનો પોલાદથી પણ વધારે જબરાં છે, અને એ બંધનો વ તમે તમારા મિત્રોને બાંધી લેજો. આ મર્ત્ય જીવનમાં દરેક ક્ષણે માણસો છોકરાઓને જે બળ અને ઉદાત્તતાની જરૂર પડે છે તે એવા મિત્રો એક બી અવશ્ય આપશે. મુંઝવણ સમયે તેઓ સલાહ આપશે, ભયમાં તેઓ આપશે, અને મોટાં સાહસોમાં ઉચ્ચ હેતુ માટે પ્રયાસ કરવા પ્રેરણા આ મિત્રતા એવા પ્રકારની ન હોવી જોઇએ કે જેથી ખોટી સાવચેતીને લીધે હ ભય જ દેખાય અને પ્રગતિ થઈ શકે જ નહિ, ઉચ્ચ અભિલાષોનો ઉચ્છેદ જાય અને જીવનરૂપી ઝરણનાં મૂળમાં જ ઝેર રેડાય; પરંતુ તેનાથી આપણું સ ર્થ્ય ટકી રહેવું જોઇએ, તે હમેશાં આપણને ડહાપણ રૂપી અંકુશ સમાન લાગ જોઇએ. સત્ય એ સત્ય જ છે એમ ગણી પરિણામ ગમે તે આવે છતાં મં રહેવાની પ્રેરણા આપી શકે તેવીજ ખરી મિત્રતા હોવી જોઇએ." "યુવકરત્ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only